RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 265* Date: 22.07.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રવિવારે નોંધાયેલા ૪૦ હજાર કેસો કરતાં કંઈક રાહત મળી

# કોરોના સંકટઃ ૨૪ કલાકમાં નવા ૩૭,૧૪૮ કેસ નોંધાયા, ૫૮૭ના મોત



ન્યુ દિલ્હી,તા.૨૧

સમગ્ર દેશમાં અનલોક-૨ના ૨૦ દિવસે રવિવાર કરતાં ઓછા એટલે કે ૩૭,૧૪૮ કેસો નોંધાયા હતા. રવિવારે ૪૦ હજાર કરતાં વધારે કેસો સામે આવ્યાં હતા. તેથી તેની સરખામણીએ ગઈકાલે સોમવારે ઓછા કેસો નોંધાતા સત્તાવાળાઓને કંઈક રાહત મળી છે. જો કે આ જ સમયગાળામાં વધુ ૫૮૭ના મોત થયા છે. આજે મંગળવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. જેમાં કેસો ૪૦ હજારની નીચે પણ ૩૫ હજારની ઉપર રહ્યાં છે. સૌથી વધુ કેસો મહારાષ્ટ્રમાંથી સામે આવ્યાં છે. આ સાથે જુ હવે ભારતમાં કુલ કેસો ૧૧,૫૫,૧૯૧ પર પહોંચી ગયો છે. સારવાર હેઠળના કેસોની સંખ્યા ૪ લાખથી ઉપર ૪,૦૨,૫૨૯ થઈ છે અને સાજા થનારાઓની સંખ્યા ૭ લાખથી ઉપર ૭,૨૪,૫૭૮ થઈ છે. કેસો વધતાં કેટલાક શહેરોમાં આંશિક લોકડાઉન ચાલી રહ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૫૮૭ લોકોના મોત થયા છે અને ૩૭,૧૪૮ નવા કોવિડ-૧૯ કેસ નોંધાયા છે. દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૧,૫૫,૧૯૧ પર પહોંચી છે અને ૨૮,૦૮૪ લોકોના મોત થયા છે. ૭,૨૪,૫૭૮ લોકો સાજા થઈ ગયા છે અને ૪,૦૨,૫૨૯ એક્ટિવ કેસ છે. દેશમાં ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૫૮૭ લોકોએ પોતાના જીવ ગુમાવતાં મૃતકોની સંખ્યા વધીને ૨૮,૦૮૪ પર પહોંચી ગઈ છે.

મહારાષ્ટરમાં છેલ્લાં ૨૪ કલાકમાં નવા ૮,૨૪૦ કેસો નોંધાયા અને ૧૭૬ના મોત થયા છે. તામિલનાડુમાં ૪,૯૮૫ નવા કેસો અને ૭૦ના મોત થયા છે. આંધ્રપ્રદેશમાં ૪,૦૭૪ નવા કેસ અને ૫૪ના મોત થયા છે. કર્ણાટકમાં ૩,૬૪૮ નવા કેસ અને ૭૨ના મોત થયા છે. યુપીમાં ૧૯૧૩ કેસ નોંધાયા છે.

બિહારમાં ગુરુવારથી ફરીથી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે કોરોનાનું સંક્રમણ રોકવા માટે અનેક પ્રતિબંધ લગાવ્યા છે. ધાર્મિક સ્થળ પણ બંધ રહેશે. બજારથી લઈને પાર્ક સુધીના જાહેર સ્થળો પણ બંધ રહેશે. બસ સેવાને સંપૂર્ણ રીતે બંધ કરવામાં આવી છે. ભારતમાં કોરોનાની સ્થિતિ દિવસેને દિવસે વકરી રહી છે. છેલ્લા એક સપ્તાહમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં બ્રાઝીલથી પણ વધારે કેસ નોંધાયા છે. દેશમાં કોરોનાના એક્ટિવની કેસ સંખ્યા ચાર લાખને પાર કરી ગઈ છે. આ પહેલા રવિવારે રેકોર્ડ ૪૦ હજાર ૨૪૩ અને ૧૮ જુલાઈએ ૩૭ હજાર ૪૦૭ દર્દીઓ મળ્યા હતા.

ભારતમાં રોજ નવા કોરોનાના દર્દીઓ મળવાનો સરેરાશ દર ૩.૬ ટકા થયો છે. જે વિશ્વમાં સૌથી વધુ છે. ભારતમાં હવે નવા દર્દીઓની સંખ્યા સૌથી ઝડપથી વધવા લાગી છે. સૌથી વધુ ૩૯ લાખ દર્દીઓવાળા અમેરિકામાં આ દર ભારતથી અડધો એટલે કે ૧.૮ ટકા છે. ભારતમાં હવે દર્દીઓ બેગણા થવામાં ૧૯ દિવસ લાગી રહ્યાં છે. એક મહિના પહેલા ૨૫ દિવસ લાગતા હતા. હાલ દેશમાં ૧૧ લાખથી વધુ દર્દીઓ છે. દેશમાં ૮ ઓગસ્ટ સુધીમાં ૨૨ લાખ દર્દીઓ થવાની શકયતા છે. જો અગામી દિવસોમાં આ ગતિ ધીમી ન પડી તો ઓગસ્ટના અંત સુધીમાં આ દર્દીઓની કુલ સંખ્યા ૪૪ લાખ થઈ શકે છે. ભારતમાં ૧ જુલાઈથી ૧૯ જુલાઈની વચ્ચે કુલ ૫.૩૭ લાખ નવા દર્દીઓ મળ્યા. લગભગ આટલા જ દર્દીઓ ૩૦ જાન્યુઆરીથી ૩૦ જૂન સુધીના ચાર મહિનામાં મળ્યા હતા. દેશમાં ૮ જુલાઈ સુધીમાં એક પણ વખત નવા દર્દીઓનો આંકડો ૨૫ હજારથી ઉપર ગયો ન હતો. જોકે હવે રોજ ૪૦ હજારની આસપાસ નવા દર્દીઓ મળવા લાગ્યા છે.

### રામ મંદિરના ભૂમિ પૂજન પહેલા સુબ્રમણ્યમ સ્વામીની મોટી માગ

# રામ મંદિર ભૂમિ પૂજન પહેલા અડવાણી-જોશી પર કેસ બંધ કરે મોદી સરકાર

ન્યુ દિલ્હી,તા.૨૧

ભાજપના ફાયરબ્રાંડ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ અયોધ્યામાં રામ મંદિરના ભૂમિ પૂજન પહેલા સરકાર પાસે મોટી માગ કરી છે. સ્વામીએ કહ્યુ કે, પીએમ મોદીએ ભૂમિ પૂજન કરતા પહેલા લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી સહિત બાકી નેતાઓ પર ચાલી રહેલા વિવાદિત માળખાના કેસને બંધ કરી દેવો જોઈએ. સ્વામીએ કહ્યુ કે, આ નેતાઓએ કોઈ મસ્જિદને તોડી નથી પરંતુ અહીં પહેલાથી બનેલા મંદિરના પુનર્નિર્માણ માટે તેનો કાટમાળ પાડ્યો હતો. પીએમના અયોધ્યા પ્રવાસ પહેલા સુબ્રમણ્યમ સ્વામીએ ટ્વીટ કીરને બાબરી કેસને ફરી ઉપાડ્યો છે. સ્વામીએ ટ્વીટ કરીને કહ્યુ કે, અયોધ્યા જતા પહેલા પીએમે અડવાણી, જોશી સહિત બાકી નેતાઓ પર ચાલી રહેલા કથિત મસ્જિદ વિધ્વંસના કેસને સમાપ્ત કરી દેવો જોઈએ. આ નેતાઓએ કોઈ મસ્જિદને તોડી નથી. ત્યાં પહેલાથી જ રામમંદિર હતુ જેને તોડીને ત્યાં વિવાદિત માળખુ ઉભુ કરવામાં આવ્યું હતું. આ વાતનો સુપ્રીમ કોર્ટે પણ સ્વીકાર કર્યો છે. આ નેતાઓએ પહેલાથી સ્થાપિત તે મંદિરના પુનનિર્માણ માટે માત્ર તે કાટમાળને પાડ્યો હતો. મહત્વનું છે કે રામ મંદિર ભૂમિ પૂજન ૫ ઓગસ્ટે થવાનું છે. શ્રી અયોધ્યા તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ બનાવવા માટે પીએમ નરેન્દ્ર મોદીને આમંત્રણ મોકલ્યું છે, જેનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે.

પીએમ મોદી ૫ ઓગસ્ટે સવારે ૧૧ કલાકથી બપોરે ૧ કલાક સુધી અયોધ્યામાં રહેશે. આ દરમિયાન તેઓ ભૂમિ પૂજન સિવાય ટ્રસ્ટના સભ્યો અને અયોધ્યાના સંતો સાથે મુલાકાત કરશે. પીએમ મોદીની સાથે સીએમ યોદી અને રાજ્યપાલ આનંદીબહેન પટેલ પણ તે દિવસે અયોધ્યામાં રહેશે. ભૂમિ પૂજનની સાથે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ શરૂ થઈ જશે જે આશરે ત્રણ વર્ષ સુધી ચાલશે. મંદિરની કુલ ઉંચાઈ ૧૬૧ હશે જેમાં પાંચ શિખર હશે. આ સાથે અયોધ્યામાં લાઈટ-પાણી, ગટર યોજના, રસ્તાઓ અને ધર્મશાળાઓનું નિર્માણ કરવામાં આવશે.

### પીએમ મોદી, રાજનાથ સિંહ સહીત ઘણા નેતાઓએ દુઃખ વ્યક્ત કર્યું

# મધ્ય પ્રદેશના ગવર્નર લાલજી ટંડનનું નિધન

લખનઉ,તા.૨૧

મધ્ય પ્રદેશના રાજ્યપાલ અને ભારતીય જનતા પાર્ટીના નેતા રહેલા લાલજી ટંડનનુ નિધન થઈ ગયુ છે. મંગળવારે સવારે તેમના પુત્ર આશુતોષે આ જાણકારી આપી હતી. લાલજી ટંડન ઘણા દિવસથી બીમાર હતા અને હોસ્પિટલમાં દાખલ હતા આ કારણ મધ્યપ્રદેશના રાજ્યપાલનો કાર્યભાર આનંદીબેન પટેલને સોંપવામાં આવ્યો હતો. હવે તેમના નિધન બાદ ઘણા મોટા નેતા તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યાં છે. લાલજી ટંડનના નિધન બાદ યૂપીમાં ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલજી ટંડનના નિધન પર દુખ વ્યક્ત કર્યુ છે. પીએમ મોદીએ ટ્વીટ કરીને લખ્યુ કે લાલજી ટંડનને તેમની સમાજ સેવા માટે યાદ કરવામાં આવશે. તેમણે ભારતીય જનતા પાર્ટીને ઉત્તર પ્રદેશમાં મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી, તેઓ જનતાની ભલાઈ માટે કામ કરનારા નેતા હતા.

પીએમ મોદીએ લખ્યુ કે, લાલજી ટંડનને કાયદાકીય મામલાની પણ સારી જાણકારી રહી અને અટલજીની સાથે લાંબો સમય પસાર કર્યો. હું તેમના પ્રત્યે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરુ છું. રક્ષામંત્રી રાજનાથ સિંહે પણ લાલજી ટંડનના નિધન પર દુખ વ્યક્ત કર્યુ છે. તેમણે ટ્વીટ કરીને લખ્યુ કે મધ્યપ્રદેશના રાજ્યપાલ તથા ઉત્તર પ્રદેશની એક મોટી વ્યક્તિ લાલજી ટંડનના નિધનના સમાચાર પીડાદાયક છે. ટંડનજીની સાથે મને લાંબો સમય કામ કરવાની તક મળી. તેમનું લાંબુ જાહેર જીવન જનતાની સેવામાં સમર્પિત રહ્યુ. તેમણે પોતાના કામથી એક અલગ છાપ છોડી છે. રાજનાથ સિંહે લખ્યુ કે, સ્વભાવથી મિલનસાર ટંડનજી કાર્યકર્તાઓ વચ્ચે લોકપ્રિય હતા. વિભિન્ન પદો પર રહેતા તેમણે જે વિકાસ કાર્યો કરાવ્યા તેની પ્રશંસા આજે પણ લખનઉ અને ઉત્તર પ્રદેશના લોકો કરે છે. ઈશ્વર પરિવારને દુખ સહન કરવાની શક્તિ આપે. આમ શાંતિ...

તમને જણાવી દઈએ કે



લાલજી ટંડન લાંબા સમયથી બીમાર હતા. તેમને શ્વાસ લેવામાં મુશ્કેલી અને કિડનીમાં સમસ્યા હતા. આ કારણે તેમને ૧૧ જૂને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પછી તેમનું ઓપરેશન પણ કરવામાં આવ્યું હતું. લખનઉના મેદાંતા હોસ્પિટલમાં સતત મોટા ડોક્ટર તેમનું ધ્યાન રાખી રહ્યા હતા. લાલજી ટંડનને પાછલા વર્ષે જુલાઈ મહિનામાં મધ્ય પ્રદેશના રાજ્યપાલ બનાવવામાં આવ્યા હતા, પરંતુ આ વર્ષે પાછલા મહિને તબીયત ખરાબ થવાને કારણે આનંદીબેન પટેલને વધારાનો હવાલો આપવામાં આવ્યો હતો.

### દેશનાં કેટલાક રાજ્યો પણ લોકડાઉનથી હાંફી ગયા

# કર્ણાટક અને બંગાળે હવે લોકડાઉન નહીં લંબાવવા કરી જાહેરાત

ન્યુ દિલ્હી,તા.૨૧

કોરોના વાયરસની ચેઈન તોડવા દેશના કેટલાક રાજ્યો અને જિલ્લામાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. તેમ છતાં કોરોનાનું સંક્રમણ કાબુમાં આવતું નથી. છેલ્લા એક સપ્તાહથી દેશમાં રોજના ૩૪,૦૦૦થી વધારે કેસ નોંધાઈ રહ્યા છે. આ દરમિયાન દેશના કેટલાક રાજ્યોએ લોકડાઉન નહીં લંબાવવાનો નિર્ણય કર્યો છે.

કર્ણાટકમાં બેંગલુરુમાં એક સપ્તાહનું લોકડાઉન લગાવવામાં આવ્યું છે. જેની અવધિ બુધવારે સવારે પાંચ વાગે પૂરી થશે. સીએમ યેદિયુરપ્પા અને તેમના સહયોગી મંત્રી સતત કહેતા આવ્યા છે કે રાજ્યમાં ૨૨ જુલાઈ બાદ લોકડાઉન નહીં વધારવામાં આવે. બેંગલુરુના કમિશ્નરે પણ કહ્યું છે કે શહેરમાં લોકડાઉન નહીં લંબાવાય. સોમવારે મુખ્યમંત્રીએ બેંગલુરુમાં કોરોના વાયરસ સંક્રમણની સ્થિતિની સમીક્ષા કરી હતી, જોકે આ બેઠક દરમિયાન બેંગલુરુમાં લોકડાઉનની કોઈ ચર્ચા નહોતી કરવામાં આવી.જયારે, પશ્ચિમ બંગાળમાં લોકડાઉન કોરોના ક્રાઈસિસનું સોલ્યુશન ન હોવાનું સરકારને પણ લાગે છે. તેથી રાજ્ય સરકારે લોકડાઉન નહીં લંબાવવાનો નિર્ણય કર્યો છે.

# ભારત નજીકનું મિત્ર, ચાબહાર પ્રોજેક્ટનો હિસ્સો છે અને હંમેશા રહેશેઃ ઈરાન

તેહરાન,તા.૨૧

ઈરાનએ ચાબહાર રેલ પરિયોજનાથી ભારતને બહાર કરવાનો કે પછી ચીનની સાથે ડિલ થવા બાદ ભારત સાથે છેડો ફાડ્યો હોવાના તમામ અહેવાલોને અફવા અને કાવતરું ગણાવ્યું છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે ભારત સૌથી નિકટતમ સહયોગી પૈકીનું એક છે અને તે હંમેશા ચાબહાર પરિયોજનાનો હિસ્સો રહેશે. ઈરાને કહ્યું કે એક ભારતીય અખબારે ચાબહાર ડીલની શરતોને વાંચ્યા વગર અહેવાલ પ્રકાશિત કર્યો, જેનાથી આ અસમંજસની સ્થિતિ ઊભી થઈ. ચાબહાર રેલ પરિયોજનામાં ભારતની જે ભૂમિકા હતી, તે પહેલાની જેમ જ બરકરાર છે. ઈરાનના પોર્ટ એન્ડ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશનના ફરહદ મોંતાજિરે કહ્યું કે, આ દાવો સમગ્રપણે ખોટો છે. તેઓએ જણાવ્યું કે, ચાબહારમાં રોકાણ માટે ઈરાને ભારતની સાથે માત્ર બે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. એક પોર્ટની મશીનરી અને ઉપકરણો માટે અને બીજી ભારતના ૧૫૦ મિલિયન ડૉલરના રોકાણને લઈને છે.

કુલ મળીને તેઓએ સ્પષ્ટ કર્યું છે કે ચાબહારમાં ઈરાન-ભારતના સહયોગ પર કોઈ પ્રકારના પ્રતિબંધ નથી લગાવવામાં આવ્યા. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા એવા રિપોર્ટ્સ સામે આવ્યા હતા કે ઈરાને ભારતને ચાબહાર રેલ પરિયોજનાથી બહાર કરી દીધું છે. માનવામાં આવી રહ્યું હતું કે આવું ઈરાન-ચીનની વચ્ચે થઈ રહેલી ૪૦૦ અબજ ડૉલરની ડીલની અસર છે. ગત સપ્તાહે ઈરાનના ટ્રાન્સપોર્ટ અને શહેરી વિકાસ મંત્રી મોહમ્મદ ઈસ્લામીએ ૬૨૮ કિલોમીટર લાંબા રેલવે ટ્રેકને બનાવવાના કાર્યનું ઉદ્ઘાટન કર્યું હતું. આ રેલવે લાઈનને અફઘાનિસ્તાનથી જરાંજ સરહદ સુધી લંબાવવાની છે. અંગ્રેજી અખબારના રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે

ઈરાને એવું કહેતા ભારતને આ ડીલથી બહાર કરી દીધું છે કે ભારત તેના માટે ફંડ પૂરું નથી પાડી રહ્યું. ઈરાને તેનું ખંડન કરતાં કહ્યું છે કે ભારતને ચાબહાર રેલવે પ્રોજેક્ટથી બહાર કરવાનો સવાલ જ ઊભો થતો નથી, જોકે ભારતની ભૂમિકા આ ડીલમાં એ નથી જે આ રિપોર્ટમાં જણાવવામાં આવી હતી. ઈરાનના ટ્રાન્સપોર્ટ અને રેલવે વિભાગના ડેપ્યૂટી મિનિસ્ટર સઈદ રસૌલીએ આ અહેવાલોનું ખંડન કરતાં કહ્યું છે કે આ રિપોર્ટો પાછળ કોઈ કાવતરું છે. આ રેલ પ્રોજેક્ટ ચાબહાર પોર્ટથી જહેદાનની વચ્ચે બનાવવામાં આવશે.

# હવાથી પણ ફેલાઈ શકે કોરોના, બંધ જગ્યાઓ પર પણ માસ્ક પહેરવા CSIRની અપીલ

ન્યુ દિલ્હી,તા.૨૧

કોરોના વાયરસ હવાથી ફેલાય છે કે નહીં તે સવાલ શરુઆતથી ઉઠી રહ્યો છે. આ અંગે અગાઉ ‘હું‘ દ્વારા આશંકા નકારવામાં આવી હતી જોકે, કેટલાક વૈજ્ઞાનિકોના રિસર્ચમાં સામે આવ્યું હતું કે વાયરસ અરબોર્ન એટલે કે હવાના માધ્યમથી પણ ફેલાય છે. જેમાં હવામાં વાયરસના રહે છે અને તેના કારણે ત્યાંથી પસાર થનારી વ્યક્તિને તેનો ચેપ લાગવાની સંભાવના છે. હવે ‘હું‘એ પણ આ સંભાવનાઓને સ્વીકારી છે. ભારતની મુખ્ય રિસર્ચ બોડીએ પણ આ વાતને સ્વીકારી છે કે કોરોના વાયરસ હવાથી પણ ફેલાઈ શકે છે, માટે તેનાથી બચવા માટે માસ્ક જરુર પહેરવું જોઈએ. સીએસઆઈઆરના અધ્યક્ષ સી માંડેએ પોતાના બ્લોગ પોસ્ટમાં આ અંગે સ્પષ્ટતા કરવાની વાત કરી છે, તેમણે કેટલાક અભ્યાસ રજૂ કરીને જણાવ્યું છે કે,

એસએઆરએસ-સીઓવી-૨ હવા દ્વારા ફેલાવાની સંભાવનાઓ અને પુરાવા રજૂ કરવામાં આવી રહ્યા છે. તેમણે લખ્યું છે કે, આવી સ્થિતિમાં કઈ રીતે કોઈ પોતાને સુરક્ષિત રાખી શકે. જેને જવાબો સહજ રીતે સ્પષ્ટ છે- મોટી સંખ્યામાં એકઠા થવાનું ટાળવું જોઈએ, કામકાજના સ્થળો પુરતી હવાની અવર-જવર થઈ શકે તેવા હોવા જોઈએ અને સૌથી મહત્વનું એ કે, માસ્ક પહેરી રાખવું જોઈએ, જો જગ્યા બંધ રહેતી હોય તો પણ. ૩૨ દેશોના ૨૩૯ વૈજ્ઞાનિકો દ્વારા આ અંગે વાત કરવામાં આવી તે પછી ‘હું‘ દ્વારા હવા દ્વારા વાયરસ ફેલાવાની સંભાવનાને સ્વીકારવામાં આવી છે. સી માંડેએ કહ્યું છે કે, જ્યારે વ્યક્તિ છીંક કે ખાંસી ખાય છે ત્યારે ઉડેલા છાંટા પણ હવામાં ફેલાય છે. જેમાં મોટા છાંટા હોય તે જમીન પ પડી જાય છે જ્યારે નાના કણો લાંબા સમય સુધી હવામાં રહે છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યાઃ ૧૦૨૬**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૫૦૪૬૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુઃ ૨૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા : ૭૪૪**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૩૬૪૦૩**

## તંત્રી સ્થાનેથી...

## દેશમાં મહામારી છતાં રાજકીય ક્ષેત્રમા કોરોના નગણ્ય શા માટે.....?!

કોરોના વાયરસે ભારત સહિત વિશ્વના દેશોને માનવ સહિત દરેક ક્ષેત્રોને હચમચાવી નાખ્યા છે. જેના કારણે લોકોમાં મોટા પ્રમાણમાં ડર ફરી વળ્યો છે. આ કપરા સમયમા કોરોના મારક રસી શોધી કાઢી હોવાના સમાચાર જાહેર થતા આમ પ્રજામાં ખુશીની લહેર ફરી વળી છે. ભારતભરના લોકોમાં ઓક્સફર્ડની રસી ઉપરાંત ભારતની કોરોના મારક રસી ×કોવિક્સિન× નો માનવ પર પ્રયોગ શરૂ થઈ જતા ભારત ભરમાં લોકોમા આનંદ સાથે ખુશી ફરી વળી છે.. ત્યારે શિક્ષિતો અને બુદ્ધજિવીઓમાં એવી ચર્ચા શરૂ થઈ ગઈ છે તે વિશ્વના દેશોની આબોહવા અને ભૌગોલિક સ્થિતિ અલગ અલગ છે. જેમાં વિશ્વના અનેક દેશો બરફાચ્છાદિત રહે છે કે ઠંડા દેશો છે. જ્યારે ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા જેવા દેશોમાં ત્રણ સીઝન હોય છે ઉનાળો, શિયાળો, ચોમાસુ એટલે વિશ્વના અન્ય દેશો કરતાં ભારત સહિતના દેશોનું હવામાન કે ભૌગોલીક સ્થિતિ તદ્દન અલગ જ છે. તો સામાજિક જીવન તેમજ ખાણીપીણીમાં ઘણો મોટો ફરક છે... જો કે અત્યારના સમયમાં વિદેશી ખાણી પીણીનો ભારતમાં વપરાશ થવા લાગ્યો છે પરંતુ તે નહિવત પ્રમાણમાં છે. ભારતમાં ઋતુચક્ર અને લોકોના ખોરાક ને લઈને ભારતના લોકોની શારીરિક ક્ષમતા વધુ મજબૂત છે. આજે પણ મોટાભાગના ઘરોમાં આયુર્વેદિક કે ઋષિ પરંપરા મુજબ નું ભોજન કે ખાવાની વિવિધ ચીજ વસ્તુઓ બને છે તેમાં પણ ગ્રામ્ય તથા નાના શહેરોમાં સવિશેષ... તેના કારણે લોકો રોગોનો ભોગ ઓછા બને છે.... અને કોરોના વાયરસે એ બાબત સાબિત કરી દીધી છે. આમ છતાં ભારતમાં જે રીતે કોરોના ગ્રસ્તોનો ઉછાળો આવ્યો તેનું કારણ છે કોરોનાથી રક્ષણ મેળવવાના નિયમોનું પાલન કરવાથી અનેકો દૂર રહેતા રહ્યા....આપણને કંઈ ન થાય તેવું માનસ ધરાવતા અનેક લોકો ર્ઁષ્ઠાર્દ્બુહ માં બહાર રખડવા નીકળી જતા હતા તો માસ્ક ન બાંધવા, ડીસ્ટન્સ જાળવવાનુ નહી જેવા કારણે કોરોના ગ્રસ્ત લોકોની સંખ્યામા ઉછાળો આવ્યો હોઈ શકે.....! આ બધું છતાં ભારતના લોકોમાં ઋષિ પરંપરાના ખોરાકને કારણે કોરોના ગ્રસ્ત બનેલા પૈકી ૯૯ ટકા લોકો કોરાના મુક્ત થયા છે મતલબ બચી ગયા છે અને તે પણ કોલાનાં રસી મળી ન હતી તેવા સમયમા.હવે કોરોના રસીની શોધ થયાનુ જાણી લોકોમાં એક નવી આશાનો સંચાર અને વિશ્વાસ પેદા થયો છે.....!

દેશમાં કોરોના મહામારીની ગંભીર સ્થિતિ છતાં રાજકીય ક્ષેત્રે તેની નહિવત અસર રહી છે. કારણ દેશભરમા રાજકીય ક્ષેત્રે એક પછી એક જે ઘટમાળ ચાલી રહી છે તેના પરથી જણાઈ આવે છે..... મધ્ય પ્રદેશની કોંગ્રેસ સરકારને પાડી લીધા પછી ભાજપાએ જે રીતે ભાજપા સરકાર બનાવી પછી શપથ ગ્રહણ સમારોહ યોજાયો જેમાં હજારો લોકો ઉમટ્યા ત્યારે કોઈના મોઢે માસ્ક કે ડિસ્ટન્સ ન હતું.... તો કર્ણાટકમાં રાજકિય નેતાને ત્યા લગ્ન પ્રસંગ ધામધૂમથી ઉજવ્યો, માત્ર કર્ણાટક જ નહીં અન્ય રાજ્યમાં પણ આવા લગ્ન યોજાયાના સમાચાર આવ્યા હતા. તો રાજસ્થાનમાં જે રાજ રમત પાયલોટ દ્વારા થઈ તેમાં પણ ટોળાશાહી થઈ.... પરંતુ બીજી તરફ લોકશાહી દેશમાં સત્તાકિય તોડફોડમાં સુબીઆઈનો ઉપયોગ કરવાના આક્ષેપો વચ્ચે દેશના અનેક રાજ્યોએ પોતાના રાજ્યમાં સીબીઆઈ તપાસ ન કરી શકે તેમજ દરોડા ન પાડી શકે તેવા પ્રતિબંધ મૂક્યા છે એજ પ્રકારે રાજસ્થાન સરકારે પણ સીબીઆઈ તપાસ બાબતે પ્રતિબંધ મુકી દેતા ભાજપની નેતાગીરી અવાક થઈ ગઈ છે.....! તેમાં પણ ભાજપાના ગજેન્દ્રસિંહ શેખાવતની ટેલિફોનિક ધારાસભ્ય પ્રત્યેની સોદાબાજીની વાત જાહેર થઈ જતા ભાજપા નેતાગીરી ભારે નારાજ થઈ ગઈ છે. કારણ કે રાજસ્થાન સરકાર માટેના ઓપરેશનનો ફિયાસ્કો થઈ ગયો. જેની બાબતો જગ જાહેર થઈ જતા ગજેન્દ્રસિહ શેખાવતના બચાવમાં સંબંધિત પાત્રા આવ્યા ખરા પરંતુ ભાજપના નેતા ન આવ્યા જેથી પાત્રા પણ ચુપ થઈ ગયા છે. ગુજરાત ભાજપામાં પ્રદેશ પ્રમુખ પદે સીઆર પાટીલની નિમણૂક થતા પૂર્વ પ્રમુખ જીતુ વાઘેલાજીને રાહત થઈ ગઈ છે... તેમની અપેક્ષા મંત્રી પદની છે. બીજી તરફ નવા પ્રમુખ શ્રી પાટીલને આવકારવા પણ મર્યાદિત સંખ્યામાં લોકો આવ્યા હતા આશરે ૪૦૦- ૫૦૦ શ્રી સીઆર પાટીલે વિજય મુહૂર્તમાં ભાજપા નેતાઓ, હોદ્દેદારો, કાર્યકરોની હાજરીમાં પ્રદેશ પ્રમુખ પદ સંભાળી લીધુ જે સમયે થોડા ઘણાએ માસ્ક પહેર્યા હતા તો ડિસ્ટન્સ પાલન રહ્યુજ ન હતુ.અહીં કેટલાક કાર્યકરો વચ્ચે ચર્ચા હતી કે નવા પ્રમુખ પાટીલને સૌરાષ્ટ્રમા તકલીફ પડશે... તો તેઓમાં સવાલો પણ હતા કે શુ ગુજરાતમા મૂળ ગુજરાતનો કોઈ કાર્યકર પક્ષ પાસે નથી કે શું......? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૦૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૨-૭-૨૦૨૦,બુધવાર, શ્રાવણ સુદ-૧
સૂર્યોદય-૬-૧૬, સૂર્યાસ્ત-૭-૩૧, જૈન નવકારશી-૭-૦૪,
આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ આશ્લેષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૧૬થી લાભ-અમૃત-૯-૩૫ સુધી, ૧૧-૧૪ થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૬-૧૨ થી ચલ-લાભ-૧૯-૩૧ સુધી, ૨૦-૫૧ થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૩ સુધી,

**- શુભ હોરા-**

૬-૧૬ થી ૮-૨૮ સુધી, ૯-૩૫ થી ૧૦-૪૧ સુધી, ૧૨-૫૩ થી ૧૬-૧૨ સુધી, ૧૭-૧૮થી ૧૮-૨૪ સુધી

# ચાંદીના વાયદાના ભાવ રૂ.૧,૬૧૯ના ઉછાળા સાથે રૂ.૫૫,૬૨૪ના સ્તરેઃ સોનું રૂ.૧૭૧ વધ્યું

### ક્રૂડ તેલના વાયદાના ભાવમાં તેજીનો માહોલઃ કપાસ, કોટન, સીપીઓમાં સુધારોઃ એલચી, મેન્થા તેલમાં નરમાઈનો માહોલઃ પ્રથમ સત્રમાં રૂ.૧૬૦૩૯ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૫૪૬૨૨ સોદામાં રૂ.૧૬૦૩૯.૧૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં ચાંદીનો વાયદો રૂ.૧,૬૧૯ના ઉછાળા સાથે રૂ.૫૫ હજારના સ્તરને વટાવી ગયો હતો. સોનું પણ રૂ.૧૭૧ વધ્યું હતું. તમામ બિનલોહ ધાતુઓ પણ એકંદરે વધી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં તેજીનો માહોલ હતો, જ્યારે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન અને સીપીઓમાં સુધારા સામે એલચી અને મેન્થા તેલમાં નરમાઈનો માહોલ હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૬૬૫૮૦ સોદાઓમાં રૂ. ૧૦૩૮૨.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૦૭૮ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૨૩૯ અને નીચામાં રૂ. ૪૯૦૩૬ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૧ વધીને રૂ. ૪૯૧૯૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૫ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૭૧૦ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૧૬ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૭ વધીને બંધમાં રૂ. ૪૯૨૩૪ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૪૮૦૨ ખૂલી, ઊપરમાં રૂ. ૫૫૬૮૮ અને નીચામાં રૂ. ૫૪૮૦૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૧૯ વધીને રૂ. ૫૫૬૨૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૧૫૪૯ વધીને રૂ. ૫૫૬૦૩ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૧૫૫૮ વધીને રૂ. ૫૫૬૦૯ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૩૦૧૮ સોદાઓમાં રૂ. ૨૩૨૩.૧૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૧૭૨ અને નીચામાં રૂ. ૩૦૬૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૯ વધીને રૂ. ૩૧૫૭ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૬૧૬ સોદાઓમાં કુલ રૂ. ૩૧૪.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૨૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૫૭૦ અને નીચામાં રૂ. ૧૬૦૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦ વધીને રૂ. ૧૬૨૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૧૫.૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૩ વધીને બંધમાં રૂ. ૭૧૫.૧ ના ભાવ હતા, જ્યારે એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ. ૧૪૨૫ ખૂલી, અંતે રૂ. ૪ ઘટીને રૂ. ૧૪૨૫ થયો હતો. મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૪૭.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૪૭.૭ અને નીચામાં રૂ. ૯૩૦ રહી, અંતે રૂ. ૯૩૯.૮ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૮.૫ અને નીચામાં રૂ. ૯૭૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫.૫૦ વધીને રૂ. ૯૭૩.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૯૫૦૪ સોદાઓમાં કુલ રૂ. ૩૭૭૪.૭૨ કરોડ ની કીમતનાં ૭૬૭૫.૫૧૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૪૭૦૭૬ સોદાઓમાં કુલ રૂ. ૬૬૦૭.૯૪ કરોડ ની કીમતનાં ૧૧૯૩.૮૩૫ ટન, ક્રૂડ તેલમાં ૨૬૮૩૬ સોદાઓમાં રૂ. ૧૩૯૩.૪૫ કરોડનાં ૪૪૭૮૦૦૦ બેરલ્સ, કોટનમાં ૧૦૧૮ સોદાઓમાં રૂ. ૫૯.૪૪ કરોડનાં ૩૬૪૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૪૦૦ સોદાઓમાં રૂ. ૨૪૪.૪૧ કરોડનાં ૩૪૦૯૦ ટન, એલચીમાં ૨ સોદાઓમાં રૂ. ૨.૮૫ લાખનાં ૦.૨ ટન, મેન્થા તેલમાં ૬૯ સોદાઓમાં રૂ. ૮.૧૦ કરોડનાં ૮૫.૩૨ ટન, કપાસમાં ૧૨૭ સોદાઓમાં રૂ. ૨.૭૦ કરોડનાં ૫૫૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૨૯૮.૬૬૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૭૫૯.૦૫૨ ટન, ક્રૂડ તેલમાં ૩૯૪૩ બેરલ્સ, કોટનમાં ૧૦૬૮૦૦ ગાંસડી, સીપીઓમાં ૮૦૪૭૦ ટન, એલચીમાં ૦.૬ ટન, મેન્થા તેલમાં ૧૬૮.૪૮ ટન અને કપાસમાં ૫૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૨૨.૫ અને નીચામાં રૂ. ૩૫૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૦૬ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫ ખૂલી, ઊપરમાં રૂ. ૮૦ અને નીચામાં રૂ. ૫૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૩.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૪૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૫૯૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૮૩૦.૫ અને નીચામાં રૂ. ૨૫૯૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૮૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૫૦ અને નીચામાં રૂ. ૨૫૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૯૩ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૮૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૧ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧ અને નીચામાં રૂ. ૨૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૧૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૪૯.૮ ખૂલી, ઊપરમાં રૂ. ૨૦૦ અને નીચામાં રૂ. ૧૪૨.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૯૩.૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૩૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૪ અને નીચામાં રૂ. ૯૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૫.૮ બંધ રહ્યો હતો.

## અરવલ્લીના ૨૬ ઔદ્યોગિક એકમોમાં શ્રમ વિભાગની ટીમ દ્વારા તપાસ હાથ ધરાઈ



અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં જોવા મળતા લોકડાઉન દરમિયાન ધંધા-રોજગાર સંપૂર્ણ બંધ કરવામાં આવ્યા હતા પરંતુ અનલોક-૨ ના અમલ પછી અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરી વિસ્તાર મળી કુલ ૫૭૧થી વધુ નાના-મોટા ઔધોગિક એકમો ધમધમતા થયા છે પરંતુ તેની સાથે તેમને કોરોના સંક્રમણને અટકાવવા એકમના સ્થળે સેનેટાઈઝેશન, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન તથા ફરજીયાત માસ્કનો ઉપયોગ થાય છે કે નહિ તેની શ્રમ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

કામદારોને કામના સ્થળે તેમના સ્વાસ્થ્યની દરકાર રખાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ સુચનાઓ અમલી બનાવી છે જેનો અમલ અરવલ્લીના ઔધાગિક એકમોમાં થાય છે કે નહિ તેની તપાસ ગાંધીનગરના શ્રમ વિભાગ દ્વારા હાથ ધરાઇ હતી, જેમાં શ્રમ વિભાગની બે ટીમો દ્વારા મોડાસાના જીઆઇડીસી તેમજ બાયડ, ધનસુરા અને ભિલોડાના મળી કુલ ૨૬ ઔધોગિક એકમોની સ્થળ મુલાકાત કરી હતી, જયાં કોરોનાના સંક્રમણથી બચવા ઔદ્યોગિક એકમોમાં કામ કરતાં કામદારો કામના સમયે માસ્ક અને હેન્ડ ગ્લવ્ઝ ઉપયોગ તથા કામના સ્થળે સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન થાય છે કે કેમ તેની રૂબરૂ તપાસણી કરવામાં આવી. વધુમાં કામના સ્થળે હાથ ધોવાની વ્યવસ્થા અને સ્થળનું સમયાંતરે સેનેટાઈઝેશન થાય છે કે કેમ તે અંગે માહિતી મેળવી અને કામદારોની આરોગ્ય વિષયક સેવાઓને સુનિશ્ચિત કરી હતી


## વિધાનસભાની તમામ બેઠકો ભાજપ જીતશેઃ નરહરિ અમીન

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ તરીકે સી.આર. પાટીલની નિમણુ થઈ છે. આ મામલે ભાજપના નેતા નરહરિ અમીને પ્રતિક્રિયા આપી હતી. તેઓએ કહ્યુ હતુ કે, તેઓ સી.આર. પાટીલને બિન ગુજરાતી માનતા નથી. સી.આર. પાટીલ પાયાના કાર્યકાળ રહ્યા છે. વિધાનસભાની તમામ બેઠકો ભાજપ જીતશે તેવો પણ દાવો નરહરિ અમીને કર્યો છે. ગુજરાતના નવા પ્રદેશ ભાજપ પ્રમુખ તરીકે સી.આર. પાટીલની વરણી થતા પ્રધાનમંડળમાં વિસ્તરણની શક્યતા વધી છે.

જીતુ વાઘાણીને પ્રધાન પદે મળે તેવી શક્યતા છે. જીતુ વાઘાણીની પ્રધાન મંડળમાં એન્ટ્રી થતા બે પ્રધાનોની બાદબાકી થઈ શકે છે.તેમ સુત્રો કહી રહ્યા છે.કેબિનેટ સહિત રાજ્યકક્ષાના પ્રધાનોમાં ફેરફાર થઈ શકે છે..પ્રધાનોના નિવાસસ્થાને બંગલાઓ સાફસફાઈ કરવામાં આવી રહી છે..પ્રધાનમંડળના વિસ્તરણમાં પ્રધાનોનો વિભાગ બદલાય તેમ પણ સુત્રો માની રહ્યા છે.

## સાત ફેરા,સાત વચન,સાત જનમનો સહજ સંબંધ






બે વ્યક્તિ એકબીજા સાથે જોડાય તે અનુભવ બંને માટે એકદમ નવો જ હોય છે. જીવન જેમ જેમ પસાર થતું જાય તેમ તેમ બંનેનો પરિચય અને પ્રેમ વધે છે અને તે સુંદર જીવનની રચના કરે છે.

લગ્નનું બંધન એવું છે કે જે તે બંધનમાં બંધાઇ ગયા તે તેનો અફસોસ કરે છે અને ન બંધાયેલા લગ્ન ન થયાનો અફસોસ કરે છે. જોકે આતો લોકોની થોડા સમયની મજાક હોય છે, બાકી તો જીવનસાથી વિનાનું જીવન કલ્પના બહારની વાત છે. જીવનસાથે જોડાયેલી એક અજાણી વ્યક્તિ જે પોતાના કુટુંબની નથી તેમ છતાંય તેને જીવનસાથી નામ આપવામાં આવ્યું છે, કારણકે તે સાચા અર્થમાં જીવનભર સાથ નિભાવે છે. પ્રેમાળ, લાગણીશીલ, અતિશય નાજુક એવો એક નજરથી સુંદર લાગતો આ લગ્નજીવનનો સંબંધ બીજી નજરે કેમ સહી નથી શકાતો તે સમજાતું નથી. જોકે તેને હંમેશા પ્રેમાળ બનાવી રાખવો પણ બંને વ્યક્તિની ફરજનો એક મહત્વનો ભાગ છે.બે વ્યક્તિઓને સ્નેહના તાંતણે બાંધતો લગ્નજીવનનો સંબંધ એક અલગ જ સંબંધ છે. અજાણ્યા કુટુંબમાંથી આવતી બે વ્યક્તિ અચાનક એકબીજાને જાણવાનો પ્રયત્ન કરે છે. દરેક સંબંધથી પર ગણાતા આ સંબંધમાં પ્રેમ અને વિશ્વાસ અગ્રસ્થાને છે. સાથોસાથ સંભાળ, સમાધાન, લાગણી, જતું કરવું, વિશ્વાસ એવા ઘણા પરિબળો જીવનમાં આવતા જતા રહે છે, તેમ છતાં બંને વ્યક્તિ ફક્ત ને ફક્ત એકબીજાના પ્રેમને લીધેવિશ્વાસને લીધે આ સંબંધથી જોડાયેલા રહે છે.

સાત ફેરા ફરતી વખતે ઉચ્ચારેલા સાત વચન સાત જનમ સુધી જાળવી રાખવાના આ સંબંધને બને તેટલો પ્રેમાળ બનાવવાનો પ્રયત્ન બંને પક્ષે કરતા રહેવો જોઈએ. બે વ્યક્તિ એકબીજા સાથે જોડાય તે અનુભવ બંને માટે એકદમ નવો જ છે. પોતપોતાના કુટુંબ સિવાયની એક નવી જ અને થોડી જાણી-અજાણી વ્યક્તિ સાથે આખી જીંદગી પસાર કરવી ખૂબ જ મુશ્કેલ છે. જીવન જેમ જેમ પસાર થતું જાય તેમ તેમ બંનેનો પરિચય અને પ્રેમ વધે છે. તે સુંદર જીવનની રચના કરે છે. આ પ્રેમાળ સંબંધમાં જો નાની નાની બાબતોની ખટપટને મોટું સ્વરૂપ ન આપો અને અન્ય કુટુંબીજનો કે સગા-સંબંધીઓને લઇને જીવનમાં થતી વાતોને અતિશયોક્તિના રૂપમાં બહાર ન લાવો તો સંબંધમાં હંમેશા મધુરતા જળવાઇ રહેશે.

જીવનસાથીની જરૂરીયાત એક ઉંમરના તબક્કે બધાને હોય છે. જ્યારે તેનો જીવનમાં પ્રવેશ થાય છે, ત્યારે તન-મન થનાગનાટ અનુભવે છે પણ પછી જીવન જેમ જેમ પસાર થતું જાય તેમ તેમ તે જ થનગનાટ કંટાળામાં પરિણમે છે. જે બંને પક્ષ માટે યોગ્ય નથી. પતિ-પત્નીએ બંનેએ જીવનમાં એક વાત સ્વીકારી જ લેવી જરૂરી છે કે જ્યારે બેઉ જણા એકબીજાના જીવનસાથી તરીકે જોડાયા છીએ, તો જીવનની દરેક સારી-નરસી બાબતો અને સાથે જોડાયેલી વ્યક્તિઓની જવાબદારી પણ એકબીજાએ પૂરી કરવાની છે. ફક્ત એકબીજાના બનીને રહેવામાં કોઇ મજા નથી. તમે એકબીજાના મનને, સાચવી લો, વિશ્વાસ, લાગણી, માનને જાળવો તે સૌથી મોટી અને મહત્વની બાબત છે.

દરેક વ્યક્તિને મનમાં પોતાના સાથી માટે પ્રેમ, લાગણી, માન, વિશ્વાસ અને આકર્ષણ હોય છે. આ પ્રેમને વ્યક્ત કરવામાં ક્યારેય સંકોચ કે શરમનો પ્રવેશ થવા દેવો નહી. જીવનનો આ એક જ સંબંધ એવો છે, જેમાં તમે તમારી દરેક લાગણીને મુક્ત બનીને વ્યક્ત કરી શકો છો. તમારા જીવનના દરેક પાસાને કોઇ એક વ્યક્તિ સામે સ્પષ્ટ રીતે રજૂ કરી શકો છો. તો પછી તેની સામે સંકોચ અને શરમ રાખવાની જરૂર શું છે?. જીવનસાથીનો અર્થ આજીવન સાથે રહેનાર અને દરેક રીતે સાથ આપનાર છે.

લગ્ન કરીને કોઇ એક વ્યક્તિ સાથે જીવનભર જોડાઇને સાથે રહેવું એ તમારી ફરજ છે. જેમાં તે વ્યક્તિ સાથેના સંબંધને સાચા અર્થમાં સમજવો ખૂબ જરૂરી છે. શા માટે ફક્તને ફક્ત પતિ-પત્નીના સંબંધને સમાજમાં સૌથી મહત્વનો માનવામાં આવે છે? એક નવી પેઢીની રચના આ સંબંધ દ્વારા થાય છે. સમાજમાં પરિણીત હોવાનો એક ટેગ મળી જાય કે ઘર-પરિવાર માટે લગ્ન કરી લેવાથી પણ આ સંબંધની ગરિમા વિશેષ બની રહે છે. એકબીજાની જરૂરીયાત અને પ્રેમને પૂરી કરવા માટે બે વ્યક્તિ આ સંબંધથી જોડાય છે. ત્યારબાદ જીવનમાં જે ઉમેરાય છે, તે ફક્ત ફરજના ભાગરૂપે હોય છે. મુખ્ય હેતું લગ્નસંબંધ છે અને ત્યારબાદના પરિબળો સંબંધને સાચવી રાખવાના, ટકાવી રાખવાના અને જોડી રાખવાના માળાના મણકા હોય છે. જે પતિ-પત્નીના નામ સિવાયના અન્ય સંબંધો હોય છે. પ્રેમથી જોડાઇ રહેવા માટે બંધાતા આ સંબંધને સાચા અર્થમાં પ્રેમાળ બનાવીને જીવવું બંને વ્યક્તિ માટે જરૂરી છે. તેનાથી જ સંબંધની સોડમનો અનુભવ જીવનભર થતો રહેશે. લગ્નજીવન તમારા જીવનને સુંદર બનાવે છે, જેની મહેંક વરસો સુધી પ્રસરતી રહે છે.

## ભાજપના નવા અધ્યક્ષ તરીકે સી.આર.પાટીલે સંભાળ્યો પદભાર

ગાંધીનગર,તા.૨૧

ગુજરાતમાં પ્રદેશ ભાજપના નવનિયુક્ત પ્રમુખ સી. આર. પાટીલ આજે બપોરે ૧૨ વાગીને ૧૫ મિનિટના વિજય મુહૂર્તમાં કમલમ ખાતે પદભાર સંભાળ્યો છે. હાલ સીઆર પાટીલનો પરિવાર પણ સર્કિટહાઉસ પહોંચી ગયો છે. પ્રદેશ ભાજપના નવનિયુક્ત પ્રમુખ સી. આર. પાટીલને વધારવા માટે આજે ગાંધીનગર કમલમ પરિસરને ફૂલોથી શણગારવામાં આવ્યું છે. આજે વિજય મૂહર્તમાં ૧૩માં ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે સી.આર.પાટીલે શપથ લીધા છે. આજે નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ ૧૨.૩૯ વાગ્યાના વિજયમુહૂર્તમાં પદભાર સંભાળ્યો ત્યારે કમલમ ખાતે શિક્ષણમંત્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમા, કુંવરજી બાવળિયા, જયેશ રાદડીયા, આર.સી ફળદુ, સહિતના અનેક મોટા નેતાઓ અને પ્રદેશ હોદ્દેદારો, મંત્રીઓ, કાર્યકરો હાજર કહીને તેમને કેસરિયો ખેસ પહેરાવ્યો હતો.

આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીને મળીને સી.આર.પાટીલ પરત સર્કિટ હાઉસ ફર્યા હતા. સર્કિટ હાઉસમાં તેમના પરિવાર દ્વારા મોઢું મીઠું કરાવવાથી માંડીને ફટાકડા ફોડીને સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે પ્રદેશ કાર્યાલય પર સાંસદો, મંત્રીઓ, કાર્યકરો પહોંચ્યા હતા. તો મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી પણ નવા પ્રમુખના પદ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા હતા.

# આજના યુગમાં સાહિત્યની પાઠશાળા જરૂરી.

નમસ્કાર વાંચકમિત્રો,

આજે એક મુદ્દો ઉઠ્યો કે પાઠશાળામાં બાળસાહિત્યના નામે શું છે...?એક એવી માતા જેણે પોતાના બાળકને ઘરનાથી વિરૂદ્ધ જઈ પોતે અંગ્રેજી મુખ્ય વિષય લઈને બી.એ.થઈ હોવા છતાં ગુજરાતી મીડિયમમાં પોતાના બાળકનો પ્રવેશ લીધો.એ પછી શાળામાં પ્રશ્ન કર્યો કે ,"બાળસાહિત્યમાં શું શિખવો છો ?"

જવાબ સાંભળી માતાને આઘાત લાગ્યો,"જહોની

જહોની યશ પપ્પા" માતા વિચારમાં પડી ક્યાં છે રમેશ પારેખના બાળ કાવ્યો..? ક્યાં છે મૂંછાળી મા ની વાર્તાઓ??શું ગુજરાતી સાહિત્ય મરી પરવાર્યુ છે?નામ માટે ચાલતી ગુજરાતી શાળાનો અભ્યાસક્રમ નક્કી કરનારાઓની આંખે પાટા બંધાય ગયા છે?

ત્યાં મારા મનમાં ને તંત્રી શ્રી પ્રદીપભાઈ રાવળના મનમાં એક વિચાર ઝબક્યો.બિલાડીની ટોપની જેમ ફૂટી

નિકળેલા સાહિત્યકારો શું...લખે છે?કેટકેટલાય લેખકોની અને કવિઓની હારમાળ છે..બાળકને બધા વર્ગોમાં પહેલા ધોરણથી સાહિત્ય રૂપે વિષય બનાવી ન મૂકી શકાય? નરસિંહ ,મીરા, દયારામ કે દલપત ,નર્મદ,

ફાધર વોલેસ કે ઝવેરચંદ મેઘાણી ,કે.કા.શાસ્ત્રી ની ભાષાકોશ, કનૈયાલાલ મુનશી કે રમણલાલ વ.દેસાઈ કે

દેશની માટીના પન્નાલાલ પટેલની વાર્તાઓ ને કવિશ્રી ઉમાશંકર જોશી ની કવિતાઓ અભ્યાસક્રમ બનાવી એક સાહિત્યની ઓળખ ન આપી શકાય?

આજે ફૂટી નિકળેલા સો સાહિત્યકારના ઈન્ટરવ્યું લઈ પૂછીએ ગુજરાતી વ્યાકરણ જાણો છો?

હું નથી માનતી કે કંઈક પંચોતેર ટકા ને એ વિશે જ્ઞાન હશે.તેથી જ અભ્યાસ ભલે વિજ્ઞાનનો કે કોમર્સ કે નવા નવા નિકળેલા અભ્યાસક્રમમાં કરો પણ જરૂર સાહિત્યને યોગ્ય ન્યાય આપો. જો પાઠશાળામાં સાહિત્ય વિષયનો ઉમેરો થશે તો અનેક લેખકો કે કવિઓ પ્રાપ્ત થશે ને ભારતની

બોલાતી દરેક ચોવીસ ભાષાઓ કે અધિકૃત ભાષાઓ

ને અનેક નર્મદ ..કે ગોવર્ધનરામ ત્રિપાઠી કે વિ.સ .ખાંડેકર કે પુ.લ.દેશપાંડે કે...કાલિદાસ મળી આવશે જે ગુરૂઆશ્રમોમાં પાણિની ના વ્યાકરણ સાથે આપણને ઉત્તમ શૈલીના કાવ્યો,કથાઓ કે લેખો ,નિબંધો પીરસી ગયા છે.

આજના ઘણાં લેખકોને સલામ કરવાનું મન થાય છે,પણ સાથે તેઓની ચુકાતી ફરજ પણ આંખે વળગે છે..શું જાગૃત થઈ શાળાના અભ્યાસક્રમને ખાસ કરી આપણી લુપ્ત થતી ગુજરાતીને બચાવવા અંગ્રેજી કે ગુજરાતી માધ્યમમાં એક વિષય તરીકે ગુજરાતી સાહિત્ય, વ્યાકરણ કે ગીતો,પદો,ભજનો,ભક્તિ કે શૌર્ય ગીતોને સામેલ કરો..અભ્યાસક્રમને નક્કી કરનારા ઉચ્ચ શિક્ષણ અધિકારીઓની આંખ ખોલો..

આજના યુગમાં આરક્ષણની સમસ્યાએ તો અભ્યાસનો રસ્તો જ બદલી નાંખ્યો.જરૂર કહીશ કે ગાંધીજી કે આંબેડકર તેમને આગળ લાવવાના પ્રયત્નો કર્યા ,બાપુ કે આંબેડકરની ક્યાંય એવી મનોવૃત્તિ નહોતી કે આરંક્ષણને નામે ઉચ્ચ અભ્યાસુ કે હોશિયાર વિદ્યાર્થીઓના ગળા રુંધવામાં આવે.એક લક્ષ્ય જરૂરી કે તેમની પણ અભ્યાસશક્તિ કે મર્યાદાની જાંચ પછી પ્રવેશ મળે જેથી વધુ સ્પષ્ટને શક્તિંશાળી સાહિત્યપ્રેમી કે દરેક કલાકારીગરી વાળા ,ટોક્ટર વકીલ કે સી.એ કે નેતા મળે.જેથી ગર્વથી કહી શકીએ કે ભારતવાસીછું જ્યાં સમાનતા છે. આઝાદીના સમયે બાપૂની મહેનત સામે નર્મદને ઝવેરચંદ મેઘાણીના શૌર્યગીતોએ ને પ્રદીપજીના આઝાદીના ગીતો..અટલ બિહારી બાજપાઈજીની કવિતાઓએ કે રવિન્દ્રનાથના બેગાલી કાવ્યોથી કે અનેક દેશભક્તિના કવિઓથી જ સુસુપ્ત ભારતની પ્રજામાં જોમ ભરાયું હતું.એવાજ કાર્યોની જરૂર છેને

આજના યુગમાં સાહિત્યની પાઠશાળા જરૂરી છે

ઉચ્ચ અભ્યાસક્રમમાં ડીગ્રી કોર્સ માટે એક સાહિત્ય ફક્ત સાહિત્યનો જ અભ્યાસક્રમ કરવો જોઈએ

જ્યાં દરેક ને પોતાનું જગત મળે..જ્યાં ઉમ્મરનો બાધ નહોય,જ્યા મનગમતા સ્વરની સરવાણી ફૂટે.જ્યાં કુદરતને જોઈ શબ્દો સરી પડે..જ્યાં નાનું બાળક પણ પોતાના મનનાં શબ્દોને ઘડી શકે.

ચાલો વાંચકો તમારાને તમારા બાળકો માટે ઉઠાવો ઝુંબેશ તમે સારા વાંચક બનો તો તમારી નવી પેઢી સારું લખનાર બને.

જયશ્રી પટેલ.........
નિર્ણાયક શ્રી. ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ
૨૧/૭/૨૦૨૦




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

શબ્દ સર્જન...સાહિત્ય વિભાગ
પરિણામો
"ગદ્ય" વિભાગ
૧)તેજલ વઘાસીયા NG No :0017
૨)સંગાર ગીતા કાનજીભાઈ NG No:0041
સર્જનહાર
૩)સંજય તરબદા "સાંજ" દ્રવ No:0052
"પદ્ય" વિભાગ
૧)મનોજકુમાર પંચાલ .....NG No:0011
૨)સંધાર જયેશબાબુભાઈ સરવૈયા NG No: 0014
સર્જકના સર્જનો
૩)શીલા પટેલ.... NG No:0038
૪)મીના માંગરોલીયા "મીનુ"...NG No:0032
ડો.નિષાદ ઓઝા"અમન"સૃજન...NG No :0012
With honour

---

ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક ( સાહિત્ય વિભાગ )
શબ્દ પરથી સ્પર્ધા નં :- ૩
વિભાગઃ- પદ્ય
NG:- 0032
શબ્દઃ- સર્જન
મારુ સ્વર્ગ એટલે મારા સુંદર બાળકો
સિધ્ધ અને પ્રસિદ્ધ મારુ માન મારી શાન
કુદરતના સાંનિધ્યમાં ગમતો ભૂલકાઓનો
સાથ જાણે અકલ્પનીય અને અવર્ણનીય
અણમોલ સર્જન અને ઇશ્વરની ભેટ
સુખ દુઃખ ના સાથી... ભવોભવનુ ભાથુ
દુનિયાના હજારો રંગ લાગે ફીકા
મારા ખીલતા ભૂલકાઓની સંગ...
મારા હાથની હથેળીમાં ભૂલકાઓની
નિર્દોષ હથેળીઓ જાણે ચંદ્ર સૂરજનું તેજ...
તારલીયાઓનો ઝગમગાટ...
એવા મારા ભૂલકાઓની આંખોનો તરવરાટ.
દેવના દીધેલા માંગીને લીધેલા
મારા લાડકવાયા આજ અમારા
હૈયે સમાણા..
મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ ૧૮/૭/૨૦૨૦

---

વિભાગ :- પદ્ય
શીર્ષક :- સર્જન
NG :-0038
સર્જનહાર તું કહેવાય અમારો
અણુઅણુ નું સર્જન તું કરનારો,
કલાકારી તારી સૌથી ન્યારી
નિહાળીને થાય કેવી છે તારી કારીગરી....!!
પર્વત ઉંચા નીચે વહેતી નદી
સાગર જોઈને નજર ના પહોંચતી,
સપ્તરંગી મેઘધનુષ જોઈને થાય
કેવો હશે આ કલાનો સ્વામી.....
અનેક જાતના સર્જ્યા જીવો
સર્જનહાર તું મોટો છે એવો,
માનવનું સર્જન કરી કર્યો ઉપકાર તે
સ્ત્રી પુરુષ થકી સર્જાવ્યો સંસાર તે....!!
બનાવી મા તું ઘરેઘરે વસે છે
મા ની મમતામાં તારી છબી દીસે છે,
વ્હાલભર્યો હાથ તું ફેરવે શીરે
મા બની કરે પ્યાર તું તારા બાળને....!!
સર્જનહાર આજે પોકાર તું સાંભળ
મહામારીથી દુનિયાને મુક્ત તું કર,
સર્જન તારું છે આ સૃષ્ટિ આખી
અમે આવ્યા હવે શરણમાં તારી....!!
શીલા પટેલ...ગાંધીનગર...

---

NG-0014
વિભાગ- પદ્ય (મુક્તક)
શીર્ષક- સર્જકના સર્જનો
(વિધાનઃ-ગાલગાX3)
સર્જકે કેમ કર્યા હશે સર્જનો?
છાયચિત્રોના રંગીન લીલા વનો.
રેતના રજકણોથી ધરાનો દડો.
લોક-લંઘેરથી થાય વિસર્જનો.
(લોકલંઘેર- લોકોની કતાર,માણસોની હાર)
સંધાર જયેશ બાબુભાઇ સરવૈયા
ભોજાય,માંડવી.૧૮ જુલાઈ ૨૦૨૦

---

NG /0011..વિભાગ- પદ્ય શીર્ષક - સર્જન
થયું સર્જન છે ઈસરોનું ને નામ થશે ભારતનું,
ચંદ્રના દક્ષિણ ધ્રુવે ઉતરવા છે તૈયાર ચંદ્રયાન.
ચાર- ચાર તબક્કામાં ઊતરી કરશે કામ તમામ,
માહિતી લાવશે ચંદ્રની ઓર્બિટર, વિક્રમ ને પ્રજ્ઞાન.
અભ્યાસ ચંદ્રની માટી, પાણી ને જીવસૃષ્ટિનો,
ચંદ્રની પ્રદક્ષિણા કરી સત્ય શોધશે એ ચંદ્રયાન.
ઇતિહાસ રચવાની નજીક ને સંપર્ક તૂટ્યો યાનનો,
જતા ચંદ્ર પર ૧૭ પળ પહેલા ઘટનાનું વિસર્જન.
સફળ થયું ના મિશન ચંદ્રનું એ હાર નથી દેશની,
મહાસત્તા બનવા જઈ રહ્યું જે ભારત પહેલું નામ.
'મન'મનોજકુમાર પંચાલ..પાલનપુર

---

સ્પર્ધા :૩ ( શબ્દ : સર્જન )
NG :0012
વિભાગ : પદ્ય /અછાંદસ
શીર્ષક : સૃજન
નૂર આપ્યું
નયનમાં મોહપાસ
નાખ્યો ચમકમાં
ચહેરાને
ગુરુસ્થાન આપ્યું
રૂપમાં શોભાવ્યું
સ્થાન કૈલાસ
વ્હાવ્યાં નીર
વ્હાલના શિશુ નવ
અવતરે ને અખંડ
પામે આનંદ સચરાચર
પૂર્ણતા વ્યાપે
રોમરોમ હર્ષ
ધ્વનિ સાગર ઉમટે
ને
જન્મારો કરે સાર્થક
અવિરત સ્નેહ
પામ્યો
હે
પ્રભુ પાડ માનું
ઘણો
કર્યું સૃજન
મા,દીકરી,બેન સ્વરૂપા
'ને સકલ જગમાં
પાથર્યો પરકાશ
નામ રૂડું
તેં દીધું સ્ત્રી....????
ડાૅ.નિષાદ ઓઝા "અમન"

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/ માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા
સંપર્ક : Email : prdpraval42@gmail.com

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ




# ગોળપાપડી

ગોળપાપડી 766 B.C.ની આસપાસ શોધાઈ ત્યારથી આજ સુધી સતત અને સર્વત્ર રાજ કરતી મીઠાઈની મહારાણી ગોળપાપડીના ગુણગાન ગાઈએ તેટલાં ઓછાં છે.

ઈન્દ્રદેવે માણસને પહેલીવાર આ રેસીપી સુઝાડી ત્યારે નારદે વ્યંગમાં કહ્યું'તું, 'હે ભગવંત..! આટલી સાદી મીઠાઈ માણસને ક્યાં સુધી રીઝવવશે..? ત્યારે ઈન્દ્રએ વચન આપ્યું'તું કે 'બીજી કોઈ પણ મીઠાઈની તુલનામાં આ મીઠાઈ હંમેશા મોખરે રહેશે, ગરીબ હોય કે તવંગર, ગોળપાપડી સદીઓ સુધી સૌના હૃદયમાં રાજ કરશે'. પૃથ્વીના પરિભ્રમણ દરમ્યાન લોકોને આ મીઠાઈ સુખ અને સંતોષથી માણતાં જોઈને નારદમુનિએ ગોળપાપડીને સુખડીનું હૂલામણું નામ

આપ્યું...!

સાહેબ, દુનિયાના કોઈ પણ ખૂણે, કોઈ પણ ક્ષણે ગોળપાપડીથી વધુ સાદી, 'સ્પીડી', સરળ અને સ્વાદિષ્ટ બીજી કોઈ મીઠાઈ બનતી હોય તો બતાવો, સવાલ જ નથી...! 'મેગી' કરતાં વધુ સહેલાઈથી અને ઝડપથી બની જતી આ મીઠાઈનાં ઇન્ગ્રેડીયાનટ્સ એટલે હાથવગાં ઘઉંનો લોટ, ગોળ અને શુદ્ધ ઘી. નહીં કાજુ-કીસમીસ, નહીં કેસર બદામ. ઘીમાં ઘઉંનો લોટ શેકાયા પછી એમાં ગોળ પડે અને ગોળપાપડીની અલૌકિક સુગંધ રસોડાના ઝાળિયામાંથી ફળિયામાં પહોંચે ત્યારે ટુંટીયું વાળીને સૂતેલા કૂતરાનાં કાન પણ બે ઘડી ઊંચા થઈ જાય. અરે, એ ઘઉં, ગોળ અને શુદ્ધ ઘીની સહિયારી સોડમ પાસે લસલસતા શીરાની સુગંધ પણ પાણી ભરે. હા, તાજો દેશી ઢીલો ગોળ હોય તો ઘી-ગોળની જુગલબંધી ઓર જામે.

આહા..! એ 'લોહ્યાં'માં ઘસતા તાવિથાનો આંગણા સુધી રેલાતો 'ધાતુધ્વની' કોઈ હોંશની કે શુભ પ્રસંગની ચાડી ફૂંકે. એમાં પણ બહાર વરસાદના ફોરાં પાડતાં હોય ત્યારે લસોટાતી સુખડીની જેમણે સુગંધ છાતીમાં ભરી છે એનું જીવતર એળે ન જાય. કોઈ વાર ભલે જીભ પર ચોંટી જાય પણ ગરમ ગોળપાપડીની એક ચમચી મોઢામાં મૂકજો, થનગની ઉઠશો..!

બાળપણમાં અમે પેંડા, શિખંડ કે બાસુંદી કો'ક જ વાર ખાવા મળતી પણ ગોળપાપડી ખાઈને તો અમે ઉછર્યા છીએ...! આહા...!

એ ચોસલું...!

બારમાસી ગોળપાપડીને નથી

નડતાં કોઈ દેશ-કાળના બંધન.

માળિયા હાટીનાનાં કોઈ ખેડૂતના

રસોડાનાં ચૂલા પર

એલ્યુમિનિયમની કડાઈમાં

ઘીસોટાય કે મુંબઈમાં

એન્ટિલાના ડિઝાઈનર કિચનની

હોટ પ્લેટ પર નોનસ્ટિક વાસણમાં

ખદબદે.

એક વાત તો કબૂલ કરાવી પડે કે દરેક વખતે એક સરખી ગોળપાપડી બનાવવી એટલે સાંબેલું વગાડવું. કોઈવાર મોળી તો કોઈ વાર ગળી બની જાય. કોઈ વાર સહેજ પોચી તો કોઈ વાર કડક બની જાય. કોઈ વાર કાચી રહી જાય તો કોઈ વાર લોટ વધુ શેકાઈ જાય. એક સરખી ગોળપાપડી બનાવી શકે એ સાચી અન્નપૂર્ણા. મારી ચેલેન્જ છે કે જો ગોળપાપડી બનાવવાની કૂકિંગ કોન્ટેસ્ટ થાય તો બધા જ હરીફની ગોળપાપડીના સ્વાદ અને બનાવટમાં ફેર હોય એ નક્કી.

ગોળપાપડી એટલે એક પવિત્ર મીઠાઈ. કૂછ મીઠા હો જાય ના લિસ્ટમાં ટોપ પર જો કંઈ હોય તો ગોળપાપડી. કોઈ શુભ સમાચાર આવે એટલે ભગવાનને ઝટ ગોળપાપડી ધરાય.

મહુડીની સુખડીનો પ્રસાદ લ્યો એટલે તમે પુણ્યશાળી! રામેશ્વરની જાત્રાએ જતા પરિવારના ભાતાંનાં ડબ્બા ખોલી જૂઓ તો એમાં ગોળપાપડી મળશે, શિખંડ કે લાડુ નહીં હોય. વડોદરાનો કોઈ સથવારો મળી જાય તો હોસ્ટેલમાં રહીને ભણતા દીકરાને સવિતાબેન વેરાવળથી ગોળપાપડી મોકલશે. સક્કરપારા અને ગોળપાપડીના ભરેલા ડબ્બાઓ અમદાવાદ-ન્યૂ જર્સી બોઇંગ પ્લેનમાં ઓગણત્રીસ હજાર ફીટની ઊંચાઈએ ખૂલે છે. ગોળપાપડી નૈનિતાલ અને ઊટી-કોડાઈકેનાલની સફર પણ કરે. ગોળપાપડી બનતી હોય ત્યારે ભજન ગણગણવાનું મન થાય, ફિલ્મી ગીત યાદ ન આવે, સાહેબ..!

હું તો પ્રભુને પ્રાર્થના કરું કે રાય હો કે રંક, આંગણે શુભ સમાચાર આવે કે પછી ફળિયે ઝરમરઝરમર વરસાદ આવે ત્યારે દરેક ઘરમાં એક નાની થાળીમાં ઠારી શકાય એટલો લોટ, ગોળ અને ઘી હોય.!

# ફુવારા વસાવેલ સર્વે નંબર માં ટપક ની સહાય આપો : અરવિંદભાઈ લાડાણી

માણાવદર તાલુકા કોગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ લાડાણી એ મુખ્ય મંત્રી ને પત્ર લખી રજૂઆત કરાય કે રાજય ની અંદર જીજીઆરસી દ્વારા ટપક અને ફુવારા ની સહાય નું વિતરણ કરવામાં આવે છે. ગુજરાત અને કેન્દ્ર સરકાર ના નીતિ નિયમો મુજબ સહાય નું વિતરણ કરે છે. રાજય ના ખેડૂત ને ૧-૪-૨૦૧૭ થી ફુવારા વસાવેલ હોય તેને ટપક ની સહાય મળતી નથી જે પહેલા મળતી હતી. તે બાબતે જણાવવા નું કે અન્ય રાજ્યો માં ફુવારા વસાવેલ હોય તેને ટપક ની સહાય મળે છે .તેની ગાઈડલાઈન કોપી સાથે મોકલી રજૂઆત કરાય કે . જ્યાં દા.ત. ૧ હેકટરે ૭૦૦૦૦ સહાય મળવા પાત્ર હોય અને તેમાંથી ૧૨૦૦૦ ફુવારા ની સહાય પેટે તેને અગાઉ સહાય તે બાદ કરી ને બાકી રહેતી રકમ ૫૮૦૦૦ ટપક ની સહાય પેટે મળે છે. ફુવારા માત્ર મગફળી જેવા પાક માં જ ચાલે અને ટપક એ તમામ પાક ચાલે છે અને ખાસ કરી ને કપાસ , એરડા ,તુવેર ,અને બાગાયત પાક માં વધુ સારી રીતે ચાલે અને ઉત્પાદન અને ક્વોલિટી સારી રહે જો ટપક થી ખેતી કરે તો અને સાથે પાણી ,વીજળી , ખાતર ની બચત તો ખરી જ અને હાલ મજુરો ની અછત માં પણ ટપક હોય તો ખેડૂતો ને પાણી વાળવું ના પડે અને ખાતર પણ આરામ થી પાણી સાથે ખાતર આપી શકે વધુ માં વધુ આ યોજના નો વ્યાપ વધે અને આ યોજના થી અનેક ખેડૂત સમૃદ્ધ ખિતી ની ઉત્પાદકતા વધે તેવા તમામ મુદા ધ્યાને રાખી રજૂઆત વિશાળ ખેડૂત સમુદાય નો પ્રશ્નો છે અરવિંદભાઈ જણાવેલ જયારે આવી સ્કીમ આપડે ગુજરાત માં ૧-૪-૨૦૧૭ થી બંધ થયેલ છે જયારે આંધ્રપ્રદેશ ,તમિલનાડુ જેવા રાજ્યો માં આજે પણ આવી સ્કીમ ચાલુ છે. ગુજરાત માં તાત્કાલીક ચાલુ કરવા અરવિંદભાઈ લાડાણી દ્વારા રજૂઆત કરાય. અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર




# પ્રજાની પ્રતિક્રિયા

ધરમપુર

સરકાર ફક્ત પોતાની તિજોરી ભરવા જ્યાં નાણાં મળે તે ક્ષેત્ર ને ખુલ્લી છૂટ આપે જ છે.મંદિરોમાંથી કે આ ભૂદેવો પાસે શું મળવાનું ? ભૂદેવો ટેક્સ નથી આપતાં, સરકાર ને મત નથી આપતા,સરકાર ને કોઈ કામ નથી આવતા એટલે ભૂદેવો પર સરકાર કોઈપણ આપત્તિ આવે કે કોઈપણ તકલીફ પડે તો શું વાંધો ? ભૂદેવો ની શું તાકાત કે સરકાર કઈ કહી શકે,સરકાર ઉથલાવી શકે ? ભુદેવ નેતાઓ આપણી સાથે જ છે,તમે કહો ત્યારે હાજર થઈ જાય અને તમારી માંગણીઓ પણ પુરી કરે છે ?

સરકાર મંદિરો બંધ કરાવે છે કારણ કે કોરોના મંદિરોથી જ ફેલાય ,દુકાનો,રાજકારણીઓ ની મિટિંગો,સરકારી ઉદ્દઘાટનો કે વેપાર ધંધા ચાલુ કર્યા છે ત્યાંથી નથી ફેલાતો ?

ધરમપુરઃ આજરોજ ધરમપુર મામલતદાર સાહેબ દ્વારા ધરમપુરના મંદિરોનાં પૂજારીની મિટિંગ આયોજન કરી હતી તેમાં સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો કે કોવિડ-૧૯ ની મહામારી સામે સરકાર દ્વારા નિર્દેશનો મુજબ નિયમો નું પાલન કરી મંદિરો ખુલ્લા રાખવામાં આવે અને તે અંતર્ગત દર્શન ના સમયનો પણ ઘટાડો કરવામાં આવ્યો હતો.

તાજા સમાચાર મુજબ મામલતદાર કચેરીમાંથી ફરી નિર્દેશ પ્રાંત સાહેબનો આવ્યો કે ધરમપુર સમગ્ર મંદિરો સંપૂર્ણપણે બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

સરકારી ઉઘરાણું

કોરોનાની વધતી જતી મહામારી એ પ્રજાની ખો કાઢી નાંખી છે અને એમાં ×બળતાંમાં ઘી હોમવાનું× કામ સરકાર કરી રહી છે.

લગભગ ૪ મહિના થવા આવવાના કોરોના ની મહામારી ને અને તેને અનુલક્ષી ને સાવચેતી રૂપે બે મહિનાના લોકડાઉન ને કારણે નોકરી, વ્યવસાય અને રોજગારી બંધ થવાને કારણે રોજમદાર વર્ગથી થી લઈ ઉચ્ચ મધ્યમવર્ગ જે રીતે આર્થિક ભરડામાં સપડાયો છે,તેમાંથી હજુ એ બહાર નથી નીકળી શક્યો અને હજુ નીકળતાં દિવાળી આવી જશે.આ આર્થિક ભીંસ ની સામે સરકારે પ્રજા પડખે ઉભા રહેવાની જગ્યાએ પોતાની ખાલી તિજોરી ભરવા જાણે અભિયાન હાથ ધર્યું હોય એમ રોજ દંડ ના લાખો રૂપિયા પ્રજાના ખિસ્સામાંથી સેરવી રહી છે. સાવચેતી,સલામતી અને સાવધાની જરૂરી છે પરંતુ જીવવા માટે કે આર્થિક ઉપાર્જન માટે પ્રજાએ કમાવું તો પડશે !!!આજ પ્રજા જયારે બહાર નીકળે છે ત્યારે વિવિધ કાયદા અને નિયમો ના ભંગ સ્વરૂપે ૨૦૦૦ થી ૫૦૦૦ રૂપિયાનો દંડ વસુલે છે એ ×પડતાં પર પાટુ× એવો ઘાટ પ્રજાનો છે.

અહીં વ્યવસ્થા અને એનાં અમલીકરણ માં ખામી છે.બસ પોતાની મનમાની અને સત્તાનો રોફ જમાવવો છે.જયારે આ બધી સરકારી સત્તા અને અધિકારશાહીમાં પ્રજા કચડાઈ છે.સરકાર પોતાની ગાડું ચલાવવા રૂપિયા ક્યાંથી આવે એની ફિરાકમાં હોય છે અને પ્રજા પાસે હાલમાં આવક પૂરતી ન હોય તે કમાવવા બહાર નીકળે તો એમનાં ખિસ્સા આ રીતે દંડ અને દંડા થી ધરાઈ જાય છે.કોઈ એવો પ્રજાભિમુખ નેતા બતાવો જે પ્રજાની પડખે આવી પરિસ્થિતિમાં ઉભો રહ્યો.પ્રજાનો અવાજ બની સરકાર માં રજુઆત કરી હોય જે સરકાર સામે બાંયો ચડાવી હોય.રોજબરોજ પોલીસ,સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ આર્થિક બોજા તળે બેવડ વળી ગયેલ પ્રજા પોતાની મુશ્કેલી કોને કહે અને ત્રણ વાંદરાની જેવી સરકાર છે.

કેમ, પ્રજાના મતોથી ચૂંટાયેલ પ્રજા પ્રતિનિધિઓ કે એજ પ્રજા પ્રતિનિધિઓ દ્વારા નિમાયેલ સરકારી સેવકો જો કોઈ કાયદો તોડે કે કોઈ ગેરવહીવટ કરે તો પ્રજાનો હક્ક નહીં તેઓ તેમને દંડ કે સજા કરી શકે ? કેમ આવી જોગવાઈ બંધારણમાં નથી ? નેતાઓ ખરીદવાના કરોડો રૂપિયા ક્યાંથી આવે છે ? શું પ્રજા ટેક્સ અને દંડ ભરવા માટે જ મત આપે છે ?

-જયદીપ દવે ધરમપુર

# દાહોદ બાવકાનું પ્રાચીન શિવમંદિર બનશે નંદનવન, ૩૫૦૦ વૃક્ષો વાવી કરાશે જતન

## રાષ્ટ્રીય મહત્વના સ્મારક એવા શિવમંદિર આસપાસ ૩.૫૦ હેક્ટર વિસ્તારમાં ૩૫૦૦ વૃક્ષો વાવવાનું સામાજિક વનીકરણ વિભાગનું આયોજન



અભેસિંહ રાવલ

ગુજરાત રાજયમાં આ વર્ષે ૧૦ કરોડ રોપાઓ વાવીને ૭૧માં વનમહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે ત્યારે દાહોદ જિલ્લાના સામાજિક વનીકરણ વિભાગે પણ ૫૧,૯૨,૪૪૭ વૃક્ષોના વાવેતરના લક્ષ્યાંકની તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. સાથે વિભાગ દ્વારા જિલ્લાના નાગરિકોને વધુ એક નવલું નજરાણું વિશેષ ભેટ તરીકે મળનાર છે. ઔષધ વન રાબડાલ બાદ હવે શિવ મંદિર, બાવકાના ૩.૫૦ હેક્ટર વિસ્તારમાં ૩૫૦૦ વૃક્ષો વાવીને નંદનવન ઉભું કરવામાં આવશે. બાવકાનું પ્રસિદ્ધ શિવમંદિર ભારતના રાષ્ટ્રીય મહત્વના સ્મારકોમાંનું એક છે.

ગુજરાતના જ પનોતા પુત્ર શ્રી ક.મા.મુનશી વનમહોત્સવના પ્રણેતા છે. તેઓ જયારે કેન્દ્ર સરકારમાં કૃષિ અને અન્ન પ્રધાન હતા ત્યારે તેમણે પોતાના પર્યાવરણ પ્રત્યેના લગાવને કારણે વનમહોત્સવ ઉજવવાની શરૂઆત વર્ષ ૧૯૫૦ થી કરી હતી. આ વર્ષે પણ રાજય સરકાર આ પરંપરાને ચાલુ રાખીને રાજયને વધુ હરિયાળું કરવા પ્રતિબદ્ધ છે ત્યારે દાહોદ જિલ્લા સામાજિક વનીકરણ વિભાગે પણ જિલ્લાને વધુ હરિયાળું બનાવવા કમર કસી છે.

સામાજિક વનીકરણ વિભાગના નાયબ વનસંરક્ષક શ્રી આર.એમ. પરમારે જણાવ્યું કે, નાગરિકો, વિવિધ સંસ્થાઓનો સહયોગ લઇને આ વર્ષે ઘનિષ્ઠ વનીકરણ ઝુંબેશ થકી ૫૧ લાખથી પણ વધુ રોપાઓ વાવી જિલ્લાને હરિયાળું કરશે. જેમાં ખાતાકીય વાવેતર થકી વિભાગ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આવેલા વિસ્તરણ રેન્જના ૫૯ સ્થળો ઉપર કુલ ૨૩૨ હેક્ટર વિસ્તારમાં ૧,૮૨,૩૧૦ રોપાઓનું વાવેતર કરશે. જયારે બારીયા વન વિભાગ જિલ્લાની વિવિધ નર્સરીના ૮૩ સેન્ટરોની ૧૨૩૮ હેક્ટર વિસ્તારમાં ૧૪,૮૫,૧૩૭ રોપાઓનું વાવેતર અને વિતરણ કરાશે. આ ઉપરાંત વિભાગ દ્વારા વૃક્ષ ખેતી યોજના અંતર્ગત જિલ્લાના ૬૨૦ લાભાર્થીઓના ૪૯૦ હેક્ટર વિસ્તારમાં ૪,૯૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. જયારે એગ્રો ફોરેસ્ટ્રી યોજના અંતર્ગત ૧૬૩૫ લાભાર્થીના ૧૨૨૫ હેક્ટર વિસ્તારમાં ૧૨,૨૫,૦૦૦ રોપા વવાશે. સાથે ફાર્મ ફોરેસ્ટ્રી વાવેતર હેઠળ ૬૭૮ લાભાર્થીઓના ૬૨૫ હેક્ટર વિસ્તારમાં ૬,૨૫,૦૦૦ રોપાઓનો ઉછેર કરાશે.

લોકસહયોગ થકી વનમહોત્સવની ઉજવણીઓમાં જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ ૧૮૧ ગામોની ૩૩.૪૦ હેક્ટર વિસ્તારમાં ૩૩૪૦૦ રોપાઓનું વાવેતર કરાશે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા કક્ષાના ૯ સ્થળોના ૯.૨૫ હેક્ટર વિસ્તારમાં ૯૨૫૦ રોપાઓનો ઉછેર કરાશે. સાથે નીલગીરી કલોનલના ૫,૦૦,૦૦૦ રોપાઓનું વેચાણ કરવામાં આવશે. આ વખતના વનમહોત્સવની ઉજવણી જૂજ સંખ્યામાં નાગરિકો સાથે, કોરોના સંક્રમણ બાબતની તમામ માર્ગદર્શક સૂચનાઓના પાલન સાથે કરવામાં આવશે.

# દાહોદની સરકારી ઈજનેરી કોલેજમાં ૧૨૦ પથારીનું કોવિડ કેર સેન્ટર બનાવાયું




અભેસિંહ રાવલ દાહોદ

દાહોદમાં કોરોના વાયરસના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અહીં ઝાલોદ રોડ પર આવેલી સરકારી ઈજનેરી કોલેજમાં નવું કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં આરોગ્ય વિભાગ દ્વારા કોરોના દર્દીઓની સારવાર માટે ૧૨૦ પથારીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત જરૂર પડે એવા સંજોગોમાં દેવગઢ બારિયામાં ૩૦૦ બેડ સહિત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કુલ મળી ૧૪૦૦ બેડ તૈયાર રાખવાનું આયોજન પણ કરી લેવામાં આવ્યું છે.

છેલ્લા એક પખવાડિયાથી દાહોદ જિલ્લામાં કોરોના વાયરસના કેસોનો નોંધાયેલો વધારો ચિંતાજનક છે. એ બાબતને ધ્યાને લઇ કલેક્ટરશ્રી વિજય ખરાડીએ દર્દીઓને સારવારમાં કોઇ કસર ના રહી જાય એવી વ્યવસ્થા કરવા માટે આરોગ્ય તંત્રને સૂચના આપી હતી. હાલમાં દાહોદમાં સરકારી ટેકનિકલ હાઇસ્કૂલ ખાતે એક કોવિડ કેર સેન્ટર કાર્યરત છે. તે બાદ સરકારી ઈજનેરી કોલેજમાં પણ હવે ૧૨૦ પથારીની સુવિધા ધરાવતું કોવિડ કેર સેન્ટર કાર્યરત કરી દેવામાં આવ્યું છે. ત્યાં કોરોના દર્દીઓના સંભાળ માટેની તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અહીં એક રૂમમાં ત્રણ પથારી મળી કુલ ૪૦ રૂમમાં કોરોનાના દર્દીઓની સંભાળ લેવામાં આવશે.

દાહોદ જિલ્લા માટે બીજી મહત્વની વાત એ છે કે, ઝાયડ્સ સિવિલ હોસ્પિટલ ખાતે ૧૫૮ પથારી કોરોના વાયરસના દર્દીઓ માટે છે. તેમાં પણ વધારો કરી જૂની બિલ્ડિંગમાં બીજી વધારાની ૨૦૦ પથારી કોરોનાના દર્દીઓ માટે બનાવવામાં આવશે. આ ઉપરાંત પોલીટેકનિક કોલેજના હોસ્ટેલ બિલ્ડિંગમાં ૧૨૦ બેડ તથા ખરેડી ખાતે આવેલી એકલવ્ય મોડેલ રેસીડન્સી સ્કૂલની બે ઈમારતમાં ૧૫૦ બેડની સુવિધા સાથેના કોવિડ કેર સેન્ટર તૈયાર રાખવામાં આવશે. દાહોદના માર્ગ અને મકાન વિભાગ દ્વારા આરોગ્ય વિભાગની જરૂરિયાત મુજબ સીસીસી બનાવવામાં આવી રહ્યા છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. ડી. પહાડિયાએ જણાવ્યું કે, દાહોદ નગર અને જિલ્લાની મોટી હોસ્પિટલના બેડ પણ કોવિડ માટે નિયત કરવામાં આવશે. ખાનગી હોસ્પિટલોના ૩૦૦ જેટલા બેડ મળી શકે એમ છે. દાહોદમાં નાગરિકોને આરોગ્યની બાબતે કોઇ પણ મુશ્કેલી ના પડે એવી વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે.

## કેશોદ ભાજપના બે બળીયાઓ વચ્ચે પત્રિકા યુધ્ધ થયું શરૂ

# કોરોના મહામારી અને મિલ્કત વેરા નાં પ્રશ્ર્ને એકબીજા પર આક્ષેપબાજી ચાલું

કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કેશોદ નગરપાલિકા નાં પ્રમુખ અને કેશોદ વેપારી મહામંડળ નાં પ્રમુખ યોગેશભાઈ સાવલીયા અને ચેમ્બર ઓફ કોમર્સ નાં પ્રમુખ અને નગરપાલિકા પુર્વ ઉપપ્રમુખ મગનભાઈ કોટડીયા બન્ને કેશોદ ભાજપના દિગ્ગજ નેતાઓ કોરોના મહામારી અને મિલ્કત વેરા નાં પ્રશ્ર્ને એકબીજા પર આક્ષેપબાજી કરી પત્રિકાઓ છપાવી કેશોદ શહેરની બજારોમાં વહેંચતા સતાધારી ભાજપ પક્ષમાં રહેલો જુથવાદ બજારમાં ખુલ્લો આવ્યો છે.

કેશોદ નગરપાલિકા પ્રમુખ યોગેશભાઈ સાવલીયા દ્વારા રાજ્ય સરકાર દ્વારા આત્મનિર્ભર યોજના હેઠળ મિલ્કત વેરામાં રાહત આપવામાં આવી છે એનો પ્રચાર પ્રસાર કરવા માટે પત્રિકાઓ વિતરણ કરવામાં આવતાં જ ચેમ્બર ઓફ કોમર્સ નાં પ્રમુખ મગનભાઈ કોટડીયા એ સુધરાઈ પ્રમુખ નાં પેમ્પલેટ વખોડી કાઢી સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માટે તેમજ શહેરીજનો ને મુર્ખ બનાવવાનો ઈરાદો ગણાવ્યો હતો. કેશોદ નગરપાલિકામાં સામાન્ય સભામાં મિલ્કત વેરામાં વધું ૨૫% રાહત આપવા ઠરાવ ની અમલવારી કરવા સંકલન સમિતિ ની બેઠક માં રજુઆત કરી હતી. કેશોદ નગરપાલિકા નાં પ્રમુખ યોગેશભાઈ સાવલીયા દ્વારા પત્રિકા પ્રસિદ્ધ કરી ને શહેરીજનો ને જણાવ્યું હતું કે કેશોદ નગરપાલિકા ની સામાન્ય સભામાં કરવામાં આવેલ ઠરાવ ની અમલવારી પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય ભાવનગર ની મંજુરી માંગવામાં આવેલી છે મંજુરી મળ્યેથી અમલવારી કરાવવાં માં આવશે. વધુમાં જણાવ્યું હતું કે ભુતકાળમાં એક થી ચોવીસ કર્મચારીઓ ની ભરતી ગેરકાયદેસર ઠરાવી મગનભાઈ કોટડીયા ની જવાબદારી નક્કી કરી રીકવરી વસુલ કરવા આદેશ થયેલ છે. કેશોદ નગરપાલિકા ની સામાન્ય ચૂંટણી યોજાવાની છે ત્યારે વાહિયાત આક્ષેપ કરી શહેરીજનો ને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યાં નું સુધરાઈ પ્રમુખ દ્વારા જણાવ્યું હતું.

કેશોદ નગરપાલિકા પ્રમુખ યોગેશભાઈ સાવલીયા કેશોદ વેપારી મહામંડળ નાં પ્રમુખ પણ હોય કોરોના મહામારી કાબુમાં લેવા ફરીથી લોકડાઉન લાગું કરવા જીલ્લા કલેકટર ને લેખિતમાં રજૂઆત કરી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મગનભાઈ કોટડીયા દ્વારા સુધરાઈ પ્રમુખ જવાબદારી માં થી છટકવા માંગતા હોવાનું ગણાવી લોકડાઉન નો વિરોધ કર્યો હતો. કેશોદ શહેર-તાલુકા માં કોરોના મહામારી વધી રહી છે અને સમગ્ર સૌરાષ્ટ્રમાં ધારાસભ્યો દ્વારા પણ લોકડાઉન ની માંગણી કરી છે. કેશોદ શહેરમાં ભાજપના બે જવાબદાર આગેવાનો દ્વારા એકબીજા પર આક્ષેપબાજી કરવામાં આવી રહી છે ત્યારે જવાબદાર સંગઠન નાં પદાધિકારીઓ મુકપ્રેક્ષક બનીને શહેરીજનો ની સાથે નિહાળી રહ્યાં છે. કેશોદ પંથકમાં છેલ્લાં પચ્ચીસેક વર્ષથી ભાજપનો ગઢ ગણાય છે ત્યારે જુથવાદ વકરીને બહાર આવ્યો છે જેની મતદારો પર ઘેરી અસર પડી છે.

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ મિલ્કત વેરાની રાહત માં નિવેદનબાજી કરવામાં આવતાં શહેરીજનો અવઢવમાં મુકાયા છે અને શહેરમાં અમુક વેપારી એશોશીએશન દ્વારા સ્વયંભૂ લોકડાઉન નક્કી કર્યું હતું એમાં પણ વિવાદો સર્જાતાં વેપારીઓ અવઢવમાં મુકાયા છે. શિસ્ત અને અંનુશાશન ની વિચારધારા ધરાવતી ભાજપા દ્વારા પગલાં ભરવામાં આવશે નહીં તો આવનારાં દિવસોમાં કેશોદ વિસ્તારમાં મતદારો માં ભારે નારાજગી જોવા મળશે.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ ઝળકયા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની કોલેજ ઓફ રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓએ ગુજરાત કલીનર્સ પ્રોડકશન સેન્ટર (G.C.P.C.) તથા વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર દ્વારા તારીખ ૧૬ જુલાઇ, ૨૦૨૦ ના રોજ આયોજિત ×ઈન્ટીગ્રેશન ઓફ રીસર્ચ ટુ ઈન્ડસ્ટ્રીયલ એપ્લીકેશન’’ માં મોટી સિદ્ધી હાંસલ કરેલ. સદર કાર્યક્રમ અંતર્ગત રાજયભરની વિવિધ કોલેજોમાંથી આવેલ સ્ટુડન્ટ રીસર્ચ પ્રોજેક્ટ પૈકી મહાવિદ્યાલયના ૦૩(ત્રણ) રીસર્ચ પ્રોજેક્ટ પસંદગી પામેલ. જેમાં Development of Solar Tricycle for Physically Handicapped People દ્વિતિય સ્થાન હાંસલ કરેલ. જયારે તૃત્તિય સ્થાને ḉesign and Development of Bio-filter for Treatment of Sewage Water Œu{s Utilization of Sewage Sludge To Use as Fertilizer પસંદગી પામી કોલેજ તેમજ યુનિવર્સિટીનું ગૌરવ વધારેલ છે. સદર કાર્યક્રમમાં પસંદગી પામેલ વિજેતા વિદ્યાર્થીઓને દ્વિતિય સ્થાન માટે રૂા.૫,૦૦૦/- તેમજ તૃત્તિય સ્થાન માટે રૂા.૩,૦૦૦/- રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આપવામાં આવેલ. વિદ્યાર્થીઓની ઉપલબ્ધી બદલ મા. કુલપતિશ્રી ડો. આર. કે. પટેલ તેમજ પ્રિન્સિપાલશ્રી ડો. જી. કે. સકસેના એ વિદ્યાર્થીઓને તથા પ્રોજેક્ટ ગાઈડ પી. એમ. પટેલ, જે. આર. સામરીયા, ડો. ડી. બી. પટેલ અને પી. ડી. ચાવડા ને અભિનંદન પાઠવેલ.



બાયડ યુનિટના હોમગાર્ડ સભ્ય સ્વ. બાબુ ભાઈ લાલાભાઈ વણકરનાઓ મરણ પામેલ હતા જેવોનું કમાન્ડન્ટ જનરલશ્રી તરફ થી રૂ.૭૭,૫૦૦/- ની હોમગાર્ડ્ઝ વેલ્ફેર ફંડ સહાય નો ચેક આજ રોજ તેમના સુપુત્ર રવિકુમાર બાબુભાઈ વણકરને જિલ્લા કમાન્ડન્ટ શ્રી ડી. ડી. પટેલ સાહેબ ના હસ્તે અર્પણ કરવામાં આવેલ હતો. આ પ્રસંગે શ્રી બી.એલ.દેસાઈ સ.ઇ.ઇ., ગં.સ્વ. રીટાબા આર. કુંપાવત જુ. ક્લાર્ક, તેમજ શ્રી એમ.ડી. મિરઝા ઓફિસર કમાન્ડિંગ શ્રી બાયડ યુનિટ તેમજ તમામ યુનિટ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ છે.

## દેવાધિદેવ મહાદેવના પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ

# બનાસકાંઠા જિલ્લાના મહાદેવ મંદિરોમાં શ્રાવણ માસના પ્રથમ દિવસે ભક્તોની પાંખી હાજરી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સમગ્ર રાજયમાં ચાલી રહેલી કોરોના વાયરસની મહામારી પગલે હાલમાં શ્રાવણ માસના પ્રારંભમાં મંદિરોમાં પણ ભક્તોની પાંખી હાજરી જોવા મળી રહી છે. આજે શ્રાવણ માસનો પ્રારંભ થયો છે ત્યારે પ્રથમ દિવસે જે મંદિરોમાં લોકોની ભીડ ઉમટતી હતી તે મંદિરોમાં ભક્તોની પાંખી હાજરી જોવા મળી હતી. સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસની મહા મારીને પગલે રાજ્ય સરકારે લોકડાઉન દરમિયાન મંદિરો પણ બંધ કરાવી દીધા હતા. જો કે હવે અનલોક જાહેર કરાયા બાદ મંદિરો ખોલવાની છૂટછાટ આપવામાં આવતા હાલમાં સોશિયલ ડિસ્ટન્સ વચ્ચે મંદિરોમાં ભક્તજનોને દર્શન કરવા માટેની છૂટછાટ આપવામાં આવી છે. ત્યારે દર વર્ષે શરૂ થતાં શ્રાવણ માસમાં ભક્તોનું ઘોડાપુર મહાદેવ મંદિરોમાં ઉમટે છે.

ત્યારે શ્રાવણ માસમાં વિવિધ તહેવારો આવતા હોય લોકો હર્ષોલ્લાસભેર આ તહેવારોની ઉજવણી કરતા હોય છે. પરંતુ ચાલુ વર્ષે કોરોના વાયરસની મારામારીને પગલે મંદિરોમાં સાથીઓની પણ પાંખી હાજરી જોવા મળી રહી છે. જેમાં આજે પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં જે મંદિરોમાં પ્રથમ દિવસે ભક્તોનું ઘોડાપુર ઉમટયું હતું તે મંદિરો ખાલીખમ જોવા મળ્યા હતા. ત્યારે બનાસકાંઠા જિલ્લાના વિશ્વેશ્વર મહાદેવ મંદિર સહિત મહાદેવ મંદિરોમાં આજે શ્રાવણ માસના પ્રથમ દિવસે ભક્તોની પાંખી હાજરી જોવા મળી હતી. જયારે બનાસ નદીમાં પાણી ન હોવાથી નદી પણ કોરી ધાકોર જોવા મળી રહી છે.

## જીવાદોરી સમાન મુક્તેશ્વર ડેમમાં તળિયા દેખાયા

# સમગ્ર બનાસકાંઠા પંથકમાં વરસાદ ખેંચતા જગતનો તાત ચિંતિત



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત


બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા માં ચાલુ વર્ષે ચોમાસુ ખેંચાતા અને અષાઢ મહિનો વીતવા છતાં નહિવત વરસાદ પડતા ખેડૂતો ચિંતિત થઈ ઉઠ્યા છે.જોકે ચોમાસા ના આગમન વચ્ચે વરસાદ હાથ તાળી આપી રહ્યો હોય વડગામ તાલુકા માટે જીવાદોરી સમાન મુક્તેશ્વર ડેમ માં પણ નવા નીર ની આવક ન થતા તળિયા દેખાવા લાગ્યા છે જેને લઈ જગત ના તાત દ્વિધા માં મુકાઈ જવા પામ્યો છે

ખેતી અને પશુ પાલન પર નિર્ભર વડગામ તાલુકા માં છેલ્લા બે વર્ષ થી નબળા ચોમાસે ને લઈ અપૂરતા વરસાદ થતા ભૂગર્ભ જળ દિનપ્રતિદિન નીચા જઇ રહ્યા છે.જેને લઈ ખેડુતો ને જળ સંકટ નો સામનો કરવો પડી રહ્યો હોઈ ચાલુ વર્ષે સારા ચોમાસા ની આશા બંધાઈ હતી પરંતુ ચાલુ વર્ષે પણ વરસાદે હાથ તાળી આપતા વરસાદ નો અષાઢ માસ પૂરો થવા આવ્યો હોવા છતાંસ્ૂપણ જોવે તેવો વરસાદ ન પડતા અને માત્ર છૂટાછવાયા વરસાદી ઝાપટા પડતા તાલુકામાં સીઝન નો કુલ ૧૫ ટકા જ વરસાદ નોંધાયો છે જેને લઈ અપૂરતા વરસાદ થી ખેડૂતો ચોમાસુ પાકનું વાવેતર કરતા પણ અચકાઈ રહ્યા છે.જોકે મોંઘા બિયારણો, ખાતરો અને દવા નો ખર્ચ કરવા છતાં વરસાદ ના અભાવે ખેડૂતો ને મહેનત એળે જવા ની ચિંતા છતાવી રહી છે.જોકે પિયત આધારિત ખેતીમાં પણ વરસાદ ન આવે તો ભૂગર્ભ જળ ન જળવાય રહેવાથી ખેડૂતોને પશુ પાલન અને ખેતી ના નિભાવ ને લઈ મુશ્કેલીમાં મૂકાવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.વડગામ તાલુકા માં કૃષિ અને પશુપાલન માટે એક માત્ર મુક્તેશ્વર ડેમ જીવાદોરી સમાન મનાય છે પરંતુ વરસાદ ખેંચાતા ડેમમાં નવા નીર ની આવક ન થવા થી મુક્તેશ્વર ડેમ માં હાલમાં માત્ર ૪ ટકા પાણી બચ્યું છે અને જલોત્રા નજીક કરમાવદ સરોવર પણ ખાલી હોઈ આ જળાશયો ના તળિયા દેખાવા લાગતા જો વહેલી તકે વરસાદ નું આગમન નહિ થાત તો વડગામ પંથક માં જળ સંકટ સર્જાવા ની ભીતિ સેવાઈ રહી છે

વડગામ પંથક માં અનેક ટ્યુબ વેલો ફેલ

વડગામ તાલુકા માં ભૂગર્ભ જળ નીચા જતા ખેડૂતોએ સિંચાઇ માટે ૫૦૦ થી માંડી ૮૦૦ ફૂટ સુધી ઊંડા ટ્યુબ વેલ (બોર) બનાવ્યા છે.પરંતુ અમુક વિસ્તાર ને બાદ કરતા તાલુકા ના મોટા ભાગના વિસ્તારોમાં ટ્યુબ વેલ માં પાણી ખૂટી રહ્યા છે.તેમજ અને ટ્યુબ વેલો ભૂગર્ભ જળ ના અભાવે નિષ્ક્રિય થઈ જવા પામ્યા છે.જેથી ખેડુતો હવે વરસાદ ઉપર જ લોકો આશા રાખી ને બેઠા છે.

## શ્રાવણ માસની અનંત શુભેચ્છાઓ




## કોલવડાના પિતા-પુત્ર કારમાં ૯ હજારના દારૂ સાથે ઝડપાયા

# અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂનું ચલણ વધ્યું : ગામડે-ગામડે બુટલેગરોનો રાફડો ફાટ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો પર જિલ્લા પોલીસતંત્રએ તવાઈ બોલવી છે જીલ્લામાંથી દરરોજ દેશી-વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરો ઝડપાઇ રહ્યા છે જીલ્લામાં વિદેશી દારૂના રસિકોને દારૂ પૂરો પડતા બુટલગરોનો રાફડો ફાટ્યો છે ત્યારે હવે વિદેશી દારૂનું દુષણ ગ્રામ્ય વિસ્તારોમાં પહોંચી ગયું છે ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરો બિન્દાસ્ત હોમડીલેવરી પણ આપી રહ્યા છે મોડાસા રૂરલ પોલીસે વરથુ ગામે થી જીગર ઉર્ફે જીગ્નેશપુરી દશરથપુરી ગોસ્વામી ના ઘર પાછળ હુસેલમાં સંતાડી રાખેલ ૧૨ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે ધનસુરા પોલીસે કોલવડા ગામના બે બુટલેગરોને કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી . ધનસુરા પીએસઆઈ પી.ડી.રાઠોડ અને તેમની ટીમે કોલવડા ગામના બુટલેગર એવા પિતા-પુત્રને કાર સાથે વિદેશી દારૂની હેરાફેરી કરતા ગામ નજીકથી ઝડપી પાડ્યા હતા કોલવડા ગામનો મેહુલ નરેન્દ્ર કુમાર જયસ્વાલ વિદેશી દારૂના વેપલા માટે પંથકમાં પંકાયેલો છે ત્યારે બુટલેગર મેહુલે તેના પિતા નરેન્દ્ર નટવરલાલ જયસ્વાલ ને અલ્ટો કારમાં વિદેશી દારૂની બોટલ નંગ-૧૨ કીં.રૂ.૯૦૦૦/- ભરી આપ્યો હતો પિતા-પુત્ર દારૂની હેરાફેરી કરે તે પહેલા ધનસુરા પોલીસે ત્રાટકી બંને શખ્શોને દબોચી લીધા હતા ધનસુરા પોલીસે વિદેશી દારૂ અને કાર મળી કુલ.રૂ.૮૯૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.